

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૯



વીર સભામાં આજ
ગૌતમ પધાર્યા,
અમૃત વરસ્યા મેહ રે,
વીરજીની વાણી છૂટી રે...

અષાઢ વદ-૧,
વીરશાસન જયંતી
(ભગવાન મહાવીર દિવ્યધ્વનિ
છૂટવાનો પ્રથમ દિન)



ગૌતમ સભામાં ઈન્દ્ર



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● વેરી હોય તે પણ ઉપકાર કરવાથી મિત્ર બને છે, તેથી જેને દાન-સન્માન આદિ આપવામાં આવે તે શત્રુ પણ પોતાનો અત્યંત પ્રિય મિત્ર બની જાય છે. વળી પુત્ર પણ ઇચ્છિત ભોગ રોકવાથી તથા અપમાન તિરસ્કાર આદિ કરવાથી ક્ષણ-માત્રમાં પોતાનો શત્રુ થઈ જાય છે. માટે સંસારમાં કોઈ કોઈનું મિત્ર નથી અને શત્રુ નથી. કાર્ય મુજબ શત્રુપણું અને મિત્રપણું પ્રગટ થાય છે. સ્વજનપણું, પરજનપણું, શત્રુપણું, મિત્રપણું જીવને સ્વભાવથી કોઈની સાથે નથી. ઉપકાર—અપકારની અપેક્ષાએ મિત્રપણું—શત્રુપણું જાણવું. વસ્તુતઃ કોઈ કોઈનું શત્રુ-મિત્ર નથી. માટે કોઈની પ્રત્યે રાગ-દ્વેષ કરવો ઉચિત નથી. ૧૭૪૩.

(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા—૧૭૬૧-૬૨)

● લોકમેં જો કુછ ભી ચેતન વ અચેતન પ્રશસ્ત વસ્તુએ દિખતી હૈ ઉન સબકો હી સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્મળ સમ્યગ્દર્શનરૂપ રત્નકે પ્રભાવસે પ્રાપ્ત કર લેતા હૈ. ૧૭૪૫. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક ૮૩૨)

● દૂધ અને પાણીની માફક અભેદવત્ મળેલા એવા જીવ અને શરીરમાં જ જ્યારે પ્રત્યક્ષ ભેદ છે તો પછી સ્પષ્ટ પરરૂપ જણાતાં એવા સ્ત્રી, પુત્ર, ધનાદિ, ચેતન-અચેતન બાહ્ય પદાર્થોની ભિન્નતાનું તો કહેવું જ શું ? એ તો પ્રગટ ભિન્ન છે એમ સમ્યક્પણે વિચારી આ જગતના સર્વ ચેતન-અચેતન પરપદાર્થો પ્રત્યેનો સ્નેહ વિવેકી પુરુષો છોડે છે. ૧૭૪૬. (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૫૩)

● જેના—શુદ્ધાત્મસ્વરૂપના—અભાવે હું સૂતો પડી રહ્યો હતો— અજ્ઞાન અવસ્થામાં હતો, વળી જેના—શુદ્ધાત્મસ્વરૂપના—સદ્ભાવમાં હું જાગી ગયો—યથાવત્ વસ્તુસ્વરૂપને જાણવા લાગ્યો, તે શુદ્ધાત્મસ્વરૂપ ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય વચનોથી અગોચર (વચનોથી કહી શકાય નહિ તેવું) અને સ્વાનુભવગમ્ય છે, તે હું છું. ૧૭૪૭. (શ્રી પૂજ્યપાદસ્વામી, મોક્ષપાહુડ, ગાથા-૨૪)

● જિન પુરુષોને મુક્તિકો કરનેવાલે સમ્યક્ત્વકો સ્વપ્નાવસ્થામેં ભી મલિન નહીં કિયા, અતીચાર નહીં લગાયા, ઉન પુરુષોંકો ધન્ય હૈં, વે હી મનુષ્ય હૈ, વે હી ભલે કૃતાર્થ હૈં, વે હી શૂરવીર હૈં, વે હી પંડિત હૈં. ૧૭૪૮.

(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૮૯)

વર્ષ–૧૩
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૫
July
A.D. 2019



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



### વ્યવહારનય પરમાર્થનો કહેનાર છે, તેથી દર્શાવવો ન્યાયસંગત છે.

જો અધ્યવસાનાદિ ભાવો પુદ્‌ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે ?—તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે :—

વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,
આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.

આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવના છે તેમ સર્વજ્ઞદેવે વ્યવહારથી કહ્યું છે, નિશ્ચયથી તો ચૌદ ગુણસ્થાનો પણ જીવના નથી. પરંતુ વ્યવહારથી તે પર્યાયો છે ખરી. જો વ્યવહાર ન હોય તો ચૌદ ગુણસ્થાનો સિદ્ધ નહીં થાય.

વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે. વ્યવહારનય પોતે અભૂતાર્થ—અપરમાર્થ છે. તોપણ પરમાર્થનો કહેનાર છે તેથી આગમમાં વ્યવહારનયને દર્શાવવામાં આવ્યો છે.

સઘળોય વ્યવહાર હેય છે, પણ હેય કહેતાં ‘છે ખરો’ એમ સિદ્ધ થાય છે. જો વ્યવહાર સર્વથા ન જ હોય તો તે હેય કેમ બને ? માટે વ્યવહાર છે ખરો પણ તે આશ્રય કરવાલાયક નથી. પર્યાય પોતે વ્યવહાર છે અને દ્રવ્ય નિષ્ક્રિય છે તે નિશ્ચય છે. દ્રવ્યની

> વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
> વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬. —શ્રી યોગસાર

અપેક્ષાએ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ વ્યવહાર છે. સાચો મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. જો વ્યવહાર ન હોય તો પર્યાય સિદ્ધ નહીં થાય. પણ તેનો અર્થ એવો નથી કે વ્યવહારના આશ્રયે ધર્મતીર્થની પ્રવૃત્તિ થાય.

જો વ્યવહાર સર્વથા ન માનવામાં આવે તો પરમાર્થનયે જીવ અને શરીર ભિન્ન હોવાથી, જેમ ભસ્મને મસળી નાખતાં હિંસા થતી નથી તેમ ત્રસસ્થાવરને મસળી નાખતાં-ઘાત કરતાં હિંસાનો અભાવ ઠરશે, હિંસાનો અભાવ ઠરતાં બંધનો પણ અભાવ ઠરશે.

વળી પરમાર્થનયે જીવ રાગ-દ્વેષ-મોહાદિથી ભિન્ન છે. જો વ્યવહારનો સર્વથા અભાવ માનવામાં આવે તો, નિશ્ચયનયે રાગ-દ્વેષ-મોહાદિથી જીવ ભિન્ન હોવાથી 'રાગ-દ્વેષ-મોહાદિને છોડવા' એવા મોક્ષના ઉપાયનું ગ્રહણ કરવું રહેતું નથી. એ રીતે મોક્ષનો પણ અભાવ ઠરશે. માટે ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે વ્યવહારનય દર્શાવવો ન્યાયસંગત છે.

વ્યવહાર છે કે નહીં? હોય તેને ન જાણે તો જ્ઞાન એકાંતિક થઈ જાય માટે વ્યવહાર છે એટલું જાણવું જરૂરી છે, પણ વ્યવહાર આશ્રય કરવા માટે નથી. નિશ્ચયનો નિર્ણય કરનાર જ પર્યાય છે તે વ્યવહાર છે. નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે, શાશ્વતનો નિર્ણય અશાશ્વત કરે છે.

ધ્રુવનો નિર્ણય પર્યાય કરે છે, પર્યાય પોતે વ્યવહાર છે. જ્ઞાન કરવા માટે વ્યવહાર ને નિશ્ચય બંને છે પણ શ્રદ્ધાન કરવા માટે તો એક નિશ્ચય જ છે. વ્યવહાર અનુસરવા લાયક નથી. અનુસરવા લાયક તો એક નિશ્ચય જ છે.

જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છને વસ્તુનું સ્વરૂપ સમજાવે છે તેમ વ્યવહારી જીવોને વ્યવહારનય દ્વારા પરમાર્થ સમજાતો હોવાથી, વ્યવહારનય અભૂતાર્થ હોવા છતાં, આગમમાં વ્યવહારનયને દર્શાવાયો છે. તેમ છતાં વ્યવહાર દ્વારા વ્યવહારને સમજાવવાનું પ્રયોજન નથી. વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવવાનું પ્રયોજન છે, જેમ સિંહના ચિત્ર દ્વારા સાચા સિંહનું સ્વરૂપ સમજાવવાનું પ્રયોજન છે તેમ.

એ રીતે વ્યવહારનય પરમાર્થનો કહેનાર છે. ભેદ દ્વારા અભેદ સમજાવવા માટે વ્યવહારનય છે તોપણ વ્યવહારનય અભૂતાર્થ હોવાથી અનુસરવા યોગ્ય નથી. તે આદરણીય નથી. વ્યવહાર આશ્રય કરવા લાયક નથી તેમ જાણી, પરમાર્થનું શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે. (ક્રમશઃ)

**આ પરિવાર ન મુજ તણો, છે સુખ-દુઃખની ખાણ;**
**જ્ઞાનીજન એમ ચિંતવી, શીઘ્ર કરે ભવહાણ. ૬૭. –શ્રી યોગસાર**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૨૨
(ગાથા ૩૮)



ટીકા — ‘જીવાદિ સાત તત્ત્વો પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી; જેઓ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણી છે, જેઓ પરદ્રવ્યોથી પરાઙ્મુખ છે, જેઓ પંચેન્દ્રિયના ફેલાવથી રહિત છે, જેઓને માત્ર શરીરનો જ પરિગ્રહ છે, જેઓની બુદ્ધિ સ્વદ્રવ્યમાં લીન છે એવા પરમજિન યોગીશ્વરોના આત્માને એક આત્મા જ ઉપાદેય છે.

તે ઉપાદેયસ્વરૂપ આત્મા કેવો છે તે હવે કહે છે : ઔદયિકાદિ ચાર અન્ય ભાવોથી અગોચર હોવાથી, દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મની ઉપાધિથી ઉપજેલા વિભાવગુણપર્યાયોથી રહિત છે, અનાદિનિધન અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવરૂપ શુદ્ધ સહજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા છે,—એવો આ આત્મા છે. અત્યંત આસન્નભવ્ય જીવોને આવા નિજપરમાત્મા સિવાય બીજું કાંઈ પણ ઉપાદેય નથી.’

આ ગાથામાં હેય-ઉપાદેય તત્ત્વનું કથન છે. પોતાનો શુદ્ધ આત્મસ્વભાવ જ ઉપાદેય છે; જીવ-અજીવાદિ સાત તત્ત્વો પરદ્રવ્ય સ્વરૂપ છે, તે ગ્રહવાયોગ્ય નથી.

પ્રશ્ન :—સાત તત્ત્વોમાં ‘જીવતત્ત્વ’ પણ આવી જાય છે, તો શું તે પણ પરદ્રવ્ય છે ?

ઉત્તર :—સહજજ્ઞાનસ્વરૂપી જીવ તો સ્વતત્ત્વ છે, તે કાંઈ પરદ્રવ્યરૂપ નથી. અહીં જીવના શુદ્ધસ્વભાવને પરદ્રવ્ય કહ્યું નથી, પરંતુ ‘હું જીવ છું’ એવો જે મનસંબંધી રાગમિશ્રિત વિચાર તેને અહીં જીવતત્ત્વ તરીકે ગણીને પરદ્રવ્ય કહ્યું છે. ‘હું જીવ છું’ એવો વિકલ્પ તે આત્માનું સ્વરૂપ નથી, તેથી તે પરદ્રવ્ય છે, અને હેય છે. આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપ છે; ‘હું જીવ છું’ એવો જીવસંબંધી વિકલ્પ તે આત્મતત્ત્વમાં નથી, અને તે વિકલ્પવડે આત્મતત્ત્વ અનુભવમાં આવી શકતું નથી, માટે તે વિકલ્પ હેય છે. જીવ પોતે પરદ્રવ્ય નથી પણ જીવતત્ત્વસંબંધી જે વિકલ્પ છે તે પરદ્રવ્ય છે. શુદ્ધજીવતત્ત્વ તો ઉપાદેય

> **ઇન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ નહીં શરણ દાતાર;**
> **શરણ ન જાણી મુનિવરો, નિજરૂપ વેદે આપ. ૬૮. –શ્રી યોગસાર**

છે પણ 'હું જીવતત્ત્વ છું' એવો વિકલ્પ ઉપાદેય નથી. આ અપેક્ષાએ જીવતત્ત્વને હેય કહ્યું છે—એમ સમજવું.

બીજું અજીવતત્ત્વ છે, તે ઉપાદેય નથી. જીવ સિવાયનાં બીજા પાંચ અચેતન દ્રવ્યો છે તે અજીવ છે. 'હું અજીવ નથી' એવો જે રાગમિશ્રિત વિકલ્પ છે તે પરદ્રવ્યસ્વરૂપ છે, તે વિકલ્પવડે અજીવથી ભિન્ન જીવતત્ત્વ અનુભવાતું નથી, માટે તે હેય છે.

ત્રીજું આસ્રવતત્ત્વ છે. દયાદિના શુભભાવ કે હિંસાદિના અશુભભાવ તે બંને આસ્રવ છે, તે જીવનું સ્વરૂપ નથી. 'આસ્રવ મારું સ્વરૂપ નથી, હું આસ્રવથી જુદો છું' એવો વિકલ્પ તો રાગ છે, પરદ્રવ્યસ્વરૂપ છે; તે વિકલ્પમાં જ જેની બુદ્ધિ અટકી છે તે મિથ્યાદૃષ્ટિ છે; એ વિકલ્પવડે આત્મતત્ત્વ અનુભવમાં આવી શકતું નથી, માટે તે વિકલ્પ હેય છે. વિકલ્પરહિત થતાં જે સહજ આત્મતત્ત્વનો અનુભવ થાય છે તે સહજ આત્મતત્ત્વ જ ઉપાદેય છે. અહીં વિકલ્પમાત્રને પરદ્રવ્યમાં ગણેલ છે; પોતાના શુદ્ધસ્વભાવસંબંધી વિકલ્પ કરવો તે પણ સ્વદ્રવ્યનો સ્વભાવ નથી.

ચોથું બંધતત્ત્વ છે, તે ઉપાદેય નથી. હું કર્મથી બંધાયેલો છું—એવો વિકલ્પ તો હેય છે, અને હું કર્મથી બંધાયેલો નથી,—અબંધ છું—એવો રાગમિશ્રિત વિકલ્પ તે પણ હેય છે. અબંધસ્વભાવ તો પોતાનું સ્વરૂપ છે, પણ 'હું અબંધ છું' એવો વિકલ્પ પોતાનં સ્વરૂપ નથી, તે પરદ્રવ્ય છે, માટે હેય છે.

પાંચમું સંવરતત્ત્વ છે, તે પણ હેય છે. આત્મસ્વરૂપના ભાનપૂર્વક અંશે શુદ્ધતા પ્રગટી અને પુણ્ય-પાપ અટક્યા તે સંવર છે. સંવર પોતે નિર્મળપર્યાય છે.

પ્રશ્ન :—સંવર તો નિર્મળપર્યાય છે, છતાં તેને હેય કેમ કહ્યો ?

ઉત્તર :—સંવરતત્ત્વના લક્ષે વિકલ્પ થાય છે. સંવરતત્ત્વ અને તેના લક્ષે થતો વિકલ્પ એ બંનેને એક ગણીને સંવરતત્ત્વને જ હેય કહ્યું છે. 'હું સંવર કરુ' એવો વિકલ્પ કરવો તે રાગમિશ્રિતભાવ છે, તેનાથી સંવરદશા પ્રગટતી નથી. અહીં એકરૂપ આત્મસ્વભાવનું જ ગ્રહણ કરાવવું છે, તેમાં કોઈ પ્રકારના ભેદનો કે વિકલ્પનો સ્વીકાર નથી. સંવર તો એક નિર્મળપર્યાય છે. અહીં પર્યાયદૃષ્ટિ જ છોડાવવી છે, માટે સંવરતત્ત્વ પણ હેય છે અર્થાત્ તેનું લક્ષ કરવા જેવું નથી. પુણ્ય-પાપને અટકાવું—એવા વિકલ્પથી પુણ્ય-પાપ અટકતા નથી, પણ એકરૂપ આત્મસ્વભાવના લક્ષે જ પુણ્ય-પાપ અટકે છે;

**જન્મ-મરણ એક જ કરે, સુખ-દુ:ખ વેદે એક;**
**નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક. ૬૯. –શ્રી યોગસાર**

માટે એકરૂપ આત્મસ્વભાવ જ ઉપાદેય છે. આત્મસ્વભાવના લક્ષે એકાગ્ર થતાં પર્યાયમાં સંવર-નિર્જરા ને મોક્ષ થઈ જાય છે.

છઠ્ઠું નિર્જરાતત્ત્વ છે. આત્મસ્વભાવની એકાગ્રતાથી શુદ્ધતા વધે ને અશુદ્ધતા ટળે તે નિર્જરા છે. મલિનતા ટાળું ને શુદ્ધતા વધારું—એવો વિકલ્પ પણ હેય છે; તે વિકલ્પ પરદ્રવ્યસ્વરૂપ છે, તેના લક્ષે ધર્મ થતો નથી.

સાતમું મોક્ષતત્ત્વ છે. મોક્ષ એટલે આત્માની સંપૂર્ણ શુદ્ધદશા. આ મોક્ષતત્ત્વ પણ હેય છે. પર્યાયબુદ્ધિ—અજ્ઞાનીને એમ લાગે કે, અરર ! શું મોક્ષતત્ત્વ પણ છોડવા જેવું ?—પણ ભાઈ, મોક્ષ તો એક પર્યાય છે. મોક્ષપર્યાય ઉપર જેનું લક્ષ છે તેને કદી મોક્ષદશા થતી નથી. પર્યાયદૃષ્ટિ છોડીને આખા દ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં ન સ્વીકારે ત્યાંસુધી ધર્મ થતો નથી. હું મોક્ષ કરું—એવો વિકલ્પ તે પરદ્રવ્યસ્વરૂપ છે. 'હું આત્મા, અને મારો મોક્ષ કરું' એવા વિચારવડે આત્મતત્ત્વનું ગ્રહણ થઈ શકતું નથી, એ વિચારમાં તો રાગસ્વરૂપ ભેદનો વિકલ્પ આવે છે. અભેદ શુદ્ધ આત્મસ્વરૂપને જ ઉપાદેયપણે અંગીકાર કરીને ત્યાં એકાગ્ર થતાં મોક્ષદશા સહજ થાય છે.

'મારો મોક્ષ કરું' એવો રાગભાવ થાય તે અંગીકાર કરવા જેવો નથી; કેમ કે વર્તમાનમાં મોક્ષદશા તો નથી તેથી તેના ઉપર લક્ષ કરવાથી પર્યાયબુદ્ધિ ટળશે નહિ, અને આત્મસ્વભાવ લક્ષમાં આવશે નહિ. જે ત્રિકાળ આત્મસ્વભાવ છે તેના ઉપર લક્ષ કરવાથી જ પર્યાયબુદ્ધિ ટળે છે; માટે તે ત્રિકાળી દ્રવ્ય જ ઉપાદેય છે, એ સિવાય સાતે તત્ત્વો હેય છે. માટે આચાર્યદેવ કહે છે કે—હે ભવ્ય ! તારે ઉપાદેયસ્વરૂપ તો એક આત્મસ્વભાવ છે એમ તું સમજ, તેની ઓળખાણ કર.

ઘણા જીવો એમ માનતા હોય છે કે આપણાથી આત્માની સમજણ ન થઈ શકે. જ્ઞાની તેને કહે છે કે ભાઈ, દરેક જીવ આત્મસ્વભાવને સમજી શકે છે. જેનામાં સ્મરણ શક્તિ છે તેણે ઊંધાઈથી ભૂલ કરી છે, તે ભૂલ ટાળીને તે પોતે સાચી સમજણ કરી શકે છે. ભૂલ કરનાર જીવ પોતે છે, ને સાચી સમજણ કરીને ભૂલ ટાળનાર પણ પોતે છે. જીવ ભૂલે ને જીવ સમજે. કાંઈ જડ સમજતું નથી; માટે, મને ન સમજાય એવી બુદ્ધિ કાઢી નાંખવી. જેને આત્માનો પ્રેમ હોય તેને આત્માની સમજણ મુશ્કેલ ન લાગે.

અહીં આચાર્યદેવ આત્મસ્વભાવ સમજાવતાં કહે છે કે, જીવઅજીવાદિ સાતે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;**
**આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષસુખ થાય. ૭૦. –શ્રી યોગસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે તેમનું સ્વરૂપ કહે છે. ત્યાં બહિરાત્મા કેવા છે તે કહે છે :—

**मिच्छत्तपरिणदप्पा, तिव्वकसाएण सुट्ठु आविट्ठो ।**
**जीवं देहं एक्कं, मण्णंतो होदि बहिरप्पा ॥१९३॥**

અર્થ :—જે જીવ મિથ્યાત્વકર્મના ઉદયરૂપે પરિણમ્યો હોય, તીવ્ર કષાય (અનંતાનુબંધી)થી સુષ્ઠુ એટલે અતિશય યુક્ત હોય અને એ નિમિત્તથી જીવને તથા દેહને એક માનતો હોય તે જીવને બહિરાત્મા કહીએ છીએ.

ભાવાર્થ :—બાહ્ય પરદ્રવ્યને જે આત્મા (સ્વરૂપ) માને તે બહિરાત્મા છે અને એમ માનવું મિથ્યાત્વ–અનંતાનુબંધીકષાયના ઉદયથી થાય છે. માટે ભેદવિજ્ઞાન રહિત થતો થકો દેહાદિથી માંડી સમસ્ત પરદ્રવ્યમાં અહંકાર-મમકાર યુક્ત બનેલો (જીવ) બહિરાત્મા કહેવાય છે.

લોકમાં ત્રણ પ્રકારના આત્માઓ છે. તેમાં બહિરાત્માનું સ્વરૂપ કહે છે.

ચૈતન્યસ્વરૂપ ભગવાન અંતર સ્વરૂપ છે, તેને છોડીને જે જીવ, મિથ્યાભાવથી દેહાદિ બાહ્ય વસ્તુઓને પોતાનું સ્વરૂપ માને છે, તે જીવ બહિરાત્મા છે. તેમાં મિથ્યાત્વકર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે; હકીકતમાં તો જીવ પોતે પોતાના મિથ્યાભાવને કારણે બહિરાત્મા હોય છે. તે જીવ કેવો છે ? મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયને કારણે શરીર અને જીવને એક જ માને છે. શરીર અને જીવને એક માનવાનું કહેવાથી તેમાં શરીર કહેવાથી કાર્મણશરીર પણ આવી ગયું છે અને તે કર્મના નિમિત્તથી થતા શુભાશુભભાવ પણ હકીકતમાં તો કર્મની તરફ ઢળવાવાળા ભાવ છે, તે પણ આવી ગયા છે. તે વિકારીભાવ પણ જ્ઞાયકજીવનો સ્વભાવ નથી. આત્મા તો દેહથી ભિન્ન કેવળ ચૈતન્યસ્વરૂપ છે—આવા ચૈતન્યસ્વરૂપને જે જીવ માનતો નથી અને પર્યાય જેટલું જ પોતાનું અસ્તિત્વ માને છે તથા તે પર્યાય, પરના કારણે થાય છે—એમ પણ માને છે, તે જીવને પરની સાથે એકત્વબુદ્ધિ છે. હકીકત એમ છે કે વર્તમાન પર્યાયને ત્રિકાળી

**પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;**
**પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧. –શ્રી યોગસાર**

સ્વદ્રવ્યમાં અભેદ ન કરીને, પરની તરફ દૃષ્ટિ કરીને, તેનાથી લાભ માનવાવાળો જીવ, બહિરાત્મા છે.

જેને જેના દ્વારા લાભ થાય તેને પોતાનું માન્યા વગર રહે નહીં. જેણે દેહની ક્રિયાથી લાભ માન્યો, તેણે દેહને જ આત્મા માન્યો છે. ચિદાનંદ સ્વભાવમાં સુખ છે–એમ ન માનીને, જેણે બાહ્ય વિષયોમાં સુખ માન્યું, તેણે સ્વભાવને પોતાનો માન્યો નથી પરંતુ પરને પોતાનું માન્યું છે. પર છે તે જ હું છું–એમ માન્યા વગર પરથી સુખ માની શકાતું નથી. મારા કારણે પરની પર્યાયનું અસ્તિત્વ છે અને પરના કારણે મારી પર્યાય થાય છે–એવી જેની માન્યતા છે તેને પરની સાથે એકત્વબુદ્ધિ છે, તે ઉંધી માન્યતા મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના ભાવ વગર થઈ શકતી નથી. જેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી, તે જીવ દેહાદિથી લઈને સમસ્ત પરદ્રવ્યોમાં એકત્વ અને મમત્વ કરે છે, તે બહિરાત્મા છે. જે એમ માને કે શ્રીખંડ અને કેરીમાં સુખ છે, તે બહિરાત્મા છે. આ કેરી મીઠી છે–એમ જાણ્યું પણ 'આમાં મારું સુખ છે'–એ વાત ક્યાંથી લાવ્યો ? આ તો મિથ્યાદૃષ્ટિની કલ્પના છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયમાં કર્મનો ઉદય નિમિત્ત છે અને જીવની પોતાની ઊંધી માન્યતાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય થાય છે, તે નૈમિત્તિક છે. નિમિત્ત અને નૈમિત્તિકનો કાળભેદ નથી પરંતુ ભાવભેદ છે. કોઈના કારણે, કોઈની પર્યાય નથી–એમ ભિન્નપણું અજ્ઞાની જાણતો નથી.

કેરીના રસની મીઠી પર્યાય છે, તે તો કેરીનો સ્વભાવ છે અને તેને જાણવું તે જીવનો સ્વભાવ છે પણ ત્યાં 'આ મને ઠીક છે'–એમ માનવું, અજ્ઞાનીની મિથ્યા કલ્પના છે. તે મિથ્યા કલ્પના કોઈએ કરાવી નથી; પોતે જાતે જ મિથ્યા કલ્પના કરી છે, તેમાં કેરી નિમિત્ત છે. નિમિત્ત ક્યારે કહેવાય છે ? જ્યારે ત્યાં નૈમિત્તિક હોય ત્યારે. નિમિત્ત-નૈમિત્તિક એક જ સમયે હોવા છતાં બંને સ્વતંત્ર છે. કેરીના રસનો આત્મામાં અત્યંત અભાવ છે. તો તેને કારણે આત્મામાં કાંઈ થાય–એમ થઈ શકતું નથી. અભાવ કહેવો અને પછી તેનાથી કાંઈ કહેવું, બંને વાત એકદમ વિરુદ્ધ છે.

જડવસ્તુ ક્યારેય પોતાની થતી નથી પણ સ્વભાવને સાધીને થોડા સમયમાં કેવળજ્ઞાન થાય–એવો પોતાનો સ્વભાવ છે. જીવે અનાદિકાળથી શરીરને પોતાનું માન્યું,

**લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ;**
**જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ. ૭૨.** –શ્રી યોગસાર

તો પણ એક રજકણ પણ પોતાનો થયો નથી. આ જીવ, અનંતકાળથી રાગને પોતાનું સ્વરૂપ માનીને તેને રાખવા માગે છે પણ પહેલા સમયનો રાગ બીજા સમયે રહેતો નથી. ધ્રુવચિદાનંદસ્વભાવ પોતાનો છે, તેનો વિશ્વાસ કરે તો નિર્મળદશા પ્રગટ થઈને સાદિ અનંતકાળ સુધી જેમની તેમ કાયમ રહે છે; માટે વસ્તુતઃ તે સુલભ જ છે પણ સ્વભાવનો રુચિથી કોઈ દિવસ અભ્યાસ કર્યો નથી માટે કઠણ લાગે છે.

અજ્ઞાની કહે છે કે માટીમાંથી ઘડો પોતાની જાતે બનતો નથી. જ્યારે કુંભાર ઘડો બનાવે ત્યારે બને છે. તેને કહે છે કે ભાઈ! વિચાર તો કર કે કુંભારની ઉપસ્થિતિના સમયે પણ ઘડાનો ઉત્પાદ થાય છે, તે માટીમાંથી થાય છે કે કુંભારથી? માટીના પરમાણુમાં પ્રતિ સમયે ઉત્પાદ થઈ રહ્યો છે. કુંભાર નિમિત્ત છે પણ કંઈ પર્યાયનો નિમિત્ત છે? જે પર્યાય થઈ ગઈ તેનો નિમિત્ત છે? અથવા જે પર્યાય થઈ નથી તેનો નિમિત્ત છે? જે પર્યાય થઈ ગઈ તેનો નિમિત્ત છે તો કુંભારે તેમાં શું કર્યું? માટીના પરમાણુ, દ્રવ્ય છે કે અદ્રવ્ય? જો તે દ્રવ્ય છે તો તે દ્રવ્ય પોતાની પર્યાયમાં દ્રવે છે કે કુંભારે દ્રવિત કર્યો છે? જે દ્રવ્ય છે તે પ્રતિસમય પોતાની પર્યાયને દ્રવે છે. ઘડાની પર્યાયરૂપ પરમાણુ, દ્રવિત થયા છે, તેમાં કુંભાર દ્રવિત થયો નથી. કુંભાર ભલે નિમિત્ત હો પણ કુંભારના હાથનો માટીની પર્યાયમાં અભાવ છે; માટે તેણે માટીમાં કાંઈ કર્યું નથી.

ભાઈ! વસ્તુના સ્વરૂપની ભિન્નતાના ભાન વગર આ જીવ અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થયો, કેવળી પ્રભુની ધર્મસભામાં ગયો, તો પણ કલ્યાણ થયું નહીં. ભાઈ! પોતાના ઉપાદાનની તૈયારી વગર નિમિત્ત શું કરે? અને સત્‌ને સમજવાની પોતાની પાત્રતા હોય ત્યાં સત્‌નું નિમિત્ત હોય જ છે.

ભાઈ! તું જ્ઞાતા છો અને પરદ્રવ્ય તારું જ્ઞેય છે. તેના બદલે જ્ઞેય પદાર્થોની સાથે તું એકત્વ માને છે, તે મિથ્યાદૃષ્ટિપણું છે. બે પદાર્થ છે, તે બેરૂપથી ભિન્ન-ભિન્ન રહે છે, કોઈની પર્યાયમાં બીજો નહીં વર્તતો હોવા છતાં પણ બહિરાત્મા જીવ પરપદાર્થોની સાથે એકત્વ માનીને તેનાથી પોતાને લાભ-હાનિ માને છે, તે પ્રમાણે બહિરાત્માનું સ્વરૂપ જાણવું જોઈએ. (ક્રમશઃ)

જો તુજ મન નિર્ગ્રંથ છે, તો તું છે નિર્ગ્રંથ;
જ્યાં પામે નિર્ગ્રંથતા, ત્યાં પામે શિવપંથ. ૭૩. –શ્રી યોગસાર

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

यत्र भावः शिवं दत्ते द्यौः किवदूरवर्तिनी ।
यो नयत्याशु गव्यूति कोशार्थे किं स सीदति ।।४।।

આત્મભાવથી મોક્ષ જ્યાં, ત્યાં સ્વર્ગ શું દૂર,
ભાર વહે જે કોશ બે, અર્ધ કોશ શું દૂર. ૪.

ભગવાન આત્મામાં લાગેલા પરિણામ ભવ્ય જીવને મોક્ષ પ્રદાન કરે છે, મોક્ષનું કારણ છે. જે વીતરાગી પરિણામ ભગવાન આત્માને મોક્ષ પ્રદાન કરવા સમર્થ છે તો એ વીતરાગ પરિણામવાળા જીવને માટે સ્વર્ગ કેટલું દૂર હોઈ શકે ? તેને વચમાં સ્વર્ગ તો મળે જ. સો ખાંડી અનાજ થાય તો હારે સો ગાડાં ખડ તો થાય જ. પુણ્ય તો ખડ છે, ઘાસ છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને રમણતામાં મોક્ષ હોય ત્યાં વચ્ચે સ્વર્ગ તો આવે જ. એ પરિણામની ભૂમિકામાં એવો શુભ વિકલ્પ હોય જ છે, તેથી આત્મધ્યાન સાથે ઉપાર્જિત પુણ્યના ફળમાં વચ્ચે સ્વર્ગ તો આવે જ.

આવું જ કથન તત્ત્વાનુશાસનની ગાથા ૧૯૬-૧૯૭માં પણ આવે છે. સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ એવો હોય છે કે તું આત્માનું શ્રદ્ધાન કર, ધ્યાન કર. એનાથી મુક્તિ ને એનાથી સંવર-નિર્જરા થાય છે. ગુરુએ એમ કહ્યું કે તારો આત્મા અનંત શક્તિવાળો છે, તેનું તું ધ્યાન કર, એમાં સાવધાન થા, પુણ્ય-પાપના પરિણામની સાવધાની છોડી દે. સાચા ગુરુનો ઉપદેશ આવો જ હોય કે આત્મામાં સાવધાન થા. પુણ્ય-પાપના વિકલ્પ તો રાગ છે, તેની સાવધાની છોડીને અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે તેમાં દૃષ્ટિ લગાવ. સ્વભાવમાં સાવધાન થા. આવો ઉપદેશ પામીને સાવધાન થઈને જે પ્રાણીઓ અનંત અનંત શક્તિ સંપન્ન પ્રભુ આત્માને ધ્યાવે છે તેને ધ્યાન કરતાં કરતાં જો થોડો રાગ બાકી રહી જાય છે તો તેને ભક્તિ પ્રદાન કરે છે. ધ્યાન કરતાં કરતાં હું પૂરણ કરું એવો જે વિકલ્પ રહી ગયો, અપૂરણ ધ્યાન રહી ગયું, એ વિકલ્પના ફળમાં સ્વર્ગાદિ મળે છે.

ભગવાન આત્મા અરિહંત સ્વરૂપ છે, સિદ્ધ સ્વરૂપ છે એમ ચિંતવવામાં આવે તે જીવ જો ચરમશરીરી હોય તો તેને મુક્તિ મળે છે. અને અન્યને રાગ બાકી રહી જાય છે, તેના ફળમાં સ્વર્ગાદિ ભોગો મળે છે. ભગવાન આત્મા અત્યારે શક્તિરૂપે અરિહંત છે.

**જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;**
**તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન. ૭૪. –શ્રી યોગસાર**

આત્મા અરિહંત થવાનો છે એ પર્યાય અંદર પડી છે, અરિહંત ને સિદ્ધની પર્યાય આત્મામાં અત્યારે પડી જ છે, પર્યાયરૂપે નહીં પણ શક્તિરૂપે પડી જ છે. વસ્તુમાં અરિહંતપદ ને સિદ્ધપદ આત્મામાં વર્તમાનમાં શક્તિરૂપે પડ્યું જ છે. કેમકે દ્રવ્યથી તે સ્વપર્યાય કદી જુદી હોતી નથી ને દ્રવ્ય પણ કદી સ્વપર્યાયથી જુદું હોતું નથી—એ સિદ્ધાંત અનુસાર ભવ્ય જીવોને ભાવિ અરિહંતની પર્યાય દ્રવ્યરૂપે સદાય વિદ્યમાન છે. આત્મામાં અનંત સિદ્ધપદ, અનંત કેવળજ્ઞાન પડ્યા છે. પરંતુ શરીરના રાગમાં, કાં તો પાપના પરિણામમાં ને કાં તો પુણ્યના પરિણામમાં રોકાઈ ગયો હોવાથી હું અંદર કોણ છું એની એને ખબર નથી.

જેને બહુ ભાર લઈને યોજન ચાલવાની શક્તિ છે તેને અડધું યોજન ચાલવામાં શું ? તેમ જેણે આત્મામાં પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે ને મોક્ષની તૈયારી છે તેને હવે સ્વર્ગ છેટું કેટલું ? એ તો વચ્ચે આવ્યા વિના રહે નહીં. એનો પુરુષાર્થ સ્વભાવ ઉપર છે તેને થોડો રાગ બાકી રહી ગયો તે સ્વર્ગમાં જાય છે એની કાંઈ વિશેષતા નથી.—એમ આચાર્ય મહારાજે શિષ્યની આશંકાનું સમાધાન કર્યું.

**આત્માને ઉપકારક : અતીન્દ્રિય વીતરાગી પરિણતિ**

**આત્માને અપકારક : રાગાદિ વિભાવ પરિણતિ**

શ્રી પૂજ્યપાદ સ્વામી ઘણા વર્ષો પહેલાં થઈ ગયા, તેમણે આ ઈષ્ટોપદેશ રચ્યું છે. તેમાં આ ચોથો શ્લોક છે.

સર્વજ્ઞ તીર્થંકર ભગવાને જે આત્મા જોયો છે તે આ આત્મા તો આનંદ ને શુદ્ધોપયોગ—જ્ઞાનમય છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જ્ઞાન ને આનંદમય આત્મા જોયો છે. શરીર-વાણી-મન તો જડ માટી છે, પુણ્ય-પાપના ભાવ થાય ઈ વિકાર છે, આસ્રવતત્ત્વ છે. ભગવાને જે આત્મા જોયો એ તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે. એ આત્માની જે અંતરદૃષ્ટિ ને ધ્યાન કરે તેને મુક્તિ મળે છે ને એને સ્વર્ગ તો સહેલું છે. જેમ જેને સો ગાવ-સો કોષ ભાર લઈ જવાની તાકાત છે તે ભારવાહકને અડધો ગાવ ભાર લઈ જવો એ તો સહેલું છે. તેમ જેને શુદ્ધ આનંદમૂર્તિ આત્માની દૃષ્ટિ ને ધ્યાન કરતાં શુદ્ધતા-સંવર-નિર્જરા થાય ને મુક્તિ મળે પણ એને મુક્તિ મળ્યા પહેલા વચ્ચે સ્વર્ગનું સુખ તો મળવું સહેલું છે, કેમ કે આત્માનું ધ્યાન કરતાં જેમ ગુણ-વાણીનો વિકલ્પ ઉઠે અથવા તો સર્વજ્ઞદેવ આમ કહે

**જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત;**
**હે યોગી! શિવહેતુ એ, અન્ય ન મંત્ર, ન તંત્ર. ૭૫. –શ્રી યોગસાર**

છે, આમ છે—ઇત્યાદિ જે વિકલ્પ ઉઠે એવા વિકલ્પમાં એને પુણ્ય બંધાઈ જાય તેથી તેને સ્વર્ગના સુખ મળે જ.

અનાજ પાકે ને સાથે ખડ ન પાકે એમ બને ? એકલું ખડ પાકે ને અનાજ ન પાકે એમ બને ખરું. છપ્પનિયાનાં દુષ્કાળમાં અનાજ ન પાક્યું ને બાંટા પાક્યા હતા ને પછીના વર્ષે સુકાળ થવાથી અનાજ પણ ઘણું પાક્યું હતું ને ખડ પણ ઘણું પાક્યું હતું. તેમ જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ પ્રભુ દુઃખ રહિત ને વિકાર રહિત ભગવાન આત્માની જેને સમ્યગ્દર્શનમાં આત્મભક્તિ થઈ તેને સુકાળ થયો હોવાથી તેને મુક્તિ તો મળે જ ને સાથે વચમાં સ્વર્ગાદિ મળવા તો સહેલાં છે. પરંતુ જેને આત્મભક્તિ થઈ નથી ને એકલા વ્રત-તપાદિ કરે છે તેને દુષ્કાળની જેમ મુક્તિ મળતી નથી પણ સ્વર્ગાદિ મળે ને એમાં સુખ માનીને ચાર ગતિમાં રખડે છે.

ભાઈ ! તું તો આત્મા છો ને આત્મા તો જ્ઞાન ને આનંદની મૂર્તિ છે, એની શ્રદ્ધા, ભક્તિ કર્યેથી સંવર થાય, નિર્જરા થાય, મુક્તિ થાય અને એ આત્મભક્તિમાં પહેલાં ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે, પરમેશ્વરે આવું તત્ત્વસ્વરૂપ કહ્યું છે—એમ વિકલ્પ ઊઠે તેમાં એવા પુણ્ય બંધાઈ જાય, કે જે પુણ્યમાં તેને સ્વર્ગ તો સહેજે મળી જાય. પરંતુ એ સ્વર્ગમાં સમ્યગ્દષ્ટિ ધર્મી સુખ માનતો નથી.

અરે ! કાંઈ ખબર નથી ! આ મનુષ્યભવ અનંત કાળે માંડ મળ્યો ને એમાં શું કરવાનું છે એ સમજે નહીં ને એમ ને એમ રાગ-દ્વેષ કષાય કરીને, હોળી કરીને હાલ્યા જાય અરેરે !

અહીં દાખલો આપીને સમજાવે છે કે જે પોતાનો ભાર બે કોષ સુધી શીઘ્રતાથી આસાનીપૂર્વક લઈ જઈ શકે છે તેને અડધો કોષ સુધી ભાર લઈ જવામાં શું ખેદ થશે ? તેમ જ્યાં ભગવાન આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રમાં રમતો હોય—એટલી જેના પુરુષાર્થની તાકાત છે તેને સ્વર્ગનો સાધારણ પુરુષાર્થ અંદર આવી જાય છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ ભગવાન આત્માને જેણે શુદ્ધોપયોગની પર્યાયમાં પ્રગટ કર્યો તેને વચ્ચે શુભોપયોગરૂપી સાધારણ આચરણ તો વચ્ચે આવ્યા વિના રહેશે નહીં; તેથી તેને વચ્ચે સ્વર્ગાદિ તો સહેજે મળી જવું સ્વાભાવિક છે.

આત્માના શ્રદ્ધા જ્ઞાન કરે, આત્મભક્તિ કરે તે સમ્યગ્દષ્ટિ જીવ મરીને સ્વર્ગમાં જ

**બે, ત્રણ, ચાર, ને પાંચ, છ, સાત, પાંચ ને ચાર;**
**નવ ગુણયુત પરમાતમા, કર તું એ નિર્ધાર. ૭૬. –શ્રી યોગસાર**

જાય, કેમકે અત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ તો છે નહીં. જેણે આત્માનું ભાન કર્યું નથી ને એકલા વ્રત-તપ આદિ ક્રિયાકાંડ કરે છે તે થોડું પુણ્ય બાંધે ને સાધારણ સ્વર્ગમાં જાય પણ તેને ધર્મ થાય નહીં, મુક્તિ થાય નહીં કે સંવર-નિર્જરા થાય નહીં. ચૈતન્યસૂર્ય ભગવાન આત્માની જેણે ભક્તિ કરી ને વિકારની ભક્તિ દૃષ્ટિમાંથી છોડી દીધી છે, શુભભાવ આવે ખરો પણ તેણે શુભભાવની ભક્તિ છોડી દીધી છે. એટલે કે તેણે શુભભાવની રુચિ છોડી છે તેને મુક્તિ તો મળે જ ને વચમાં સ્વર્ગાદિ મળવા તો સ્વાભાવિક છે. અજ્ઞાનીને શુભભાવમાં રુચિ છે કે અમે શુભભાવ કરીશું ને સ્વર્ગમાં જઈશું પછી માણસ થઈશું—મોટા શેઠીયા થઈશું ને ભગવાન પાસે જઈશું—તેને આત્માનું ભાન નથી એટલે શુભભાવમાં એવી રુચિ ને મીઠાશને તે વેદે છે. ધર્મી જીવને તો આત્માનું ભાન છે કે અરે ! હું આત્મા છું ને ! મારો તો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે ને ! મારો આનંદ ક્યાંય બહારમાં નથી. ભલે પછી તે ગૃહસ્થાશ્રમમાં હો, ૯૬ હજાર રાણીઓ હોય ! શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ ચક્રવર્તી હતા, તેમને ૯૬ હજાર રાણીઓ હતી પણ પરમાં ક્યાંય સુખ માનતા ન હતા. જાણતા કે અરે ! આ અસ્થિરતાનો રાગ આવે છે પણ એ દુઃખ છે !

અહીં તો કહે છે કે આત્માના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને ભક્તિ થઈ છે તેને સ્થિર થવા પહેલાં ધ્યાનમાં બેસે ત્યારે પહેલાં આ આત્મા છે. શુદ્ધ પૂરણ છે—ઈત્યાદિ જે વિકલ્પ ઊઠે એ શુભરાગ છે ને તે આત્મજ્ઞાનીને સ્વર્ગનું સાધન થાય છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

તત્ત્વના વિકલ્પો તે પરદ્રવ્ય છે, અને એ સાતે તત્ત્વના વિકલ્પોથી અગોચર જે શુદ્ધ અભેદ આત્મસ્વરૂપ છે તે જ એક સ્વદ્રવ્ય છે, તે જ જીવ છે, અને એને જ અંગીકાર કરવાનો છે; શુદ્ધજીવને અંગીકાર કરવાથી શુદ્ધભાવ પ્રગટે છે. અંગીકાર કરવો એટલે તેની શ્રદ્ધા કરવી, તેનું જ્ઞાન કરવું અને તેમાં લીન થવું. જ્યાં સાત તત્ત્વના ભેદની શ્રદ્ધા છે ત્યાં એક સ્વતત્ત્વ અનુભવાતું નથી, ને એક સ્વતત્ત્વની શ્રદ્ધામાં સાત તત્ત્વના વિકલ્પો નથી. સાત તત્ત્વના વિચારમાં ક્રમ પડે છે ને રાગ થાય છે. એક સ્વતત્ત્વના લક્ષમાં ભેદ નથી, રાગ નથી. માટે પોતાનું એક શુદ્ધસ્વરૂપ જેમ છે તેમ જાણીને તેમાં ઠરવું, તે જ ધર્મ અને મોક્ષમાર્ગ છે. (ક્રમશઃ) ❊

**બે ત્યાગી, બે ગુણ સહિત, જે આતમરસ લીન;**
**શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન. ૭૭. –શ્રી યોગસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

ભગવાન આત્મા ગુપ્ત શુદ્ધ શક્તિવાન છે. વર્તમાન અવસ્થા પ્રગટ છે તેમાં આખું તત્ત્વ આવી જતું નથી. એકરૂપ સદૃશ સ્વભાવમાં જ્ઞાનપર્યાય એકાગ્ર થાય તે મોક્ષમાર્ગ છે. ''सिद्ध समान सदा पद मेरो'' તે શક્તિની વાત છે. અવ્યક્ત દ્રવ્યમાં પરિણતિ એકાગ્ર થાય, જેમ જેમ શુદ્ધતાની પ્રતીતિમાં પરિણતિ સ્થિર થાય તેમ તેમ મોક્ષમાર્ગની શુદ્ધિ થાય. ધ્રુવસ્વભાવમાં એકાગ્ર થાય તો મોક્ષમાર્ગ થાય. જેમ ધ્રુવતારા સાથે નજર રાખીને વહાણમાં હોકાયંત્ર રાખે છે તો દિશાનું જ્ઞાન થતાં વહાણ સહીસલામત પહોંચે છે તેમ આત્મા ઈશ્વર છે, તેનો ધ્રુવકાંટો અંતરમાં છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી રમણતા કરે તો મુક્તિ થાય.

પ્રથમ આ વાત સાંભળ તો ખરો ને રુચિ તો કર. આ ચિદાનંદ ભગવાનની ટંકશાળ છે.

જેમ કોઈ પુરુષ રસ્તાના ઘણા ગાઉ કાપે તેમ નગર નજીક આવે. તેમ અંતરશક્તિની પ્રતીતિમાં જોર કરે—દ્રવ્યની પ્રતીતિમાં અવગાઢ—ગાઢ—દૃઢ થાય. અંતર એકાગ્ર થાય તો મુક્તિ છે. અવગાઢ= નિશ્ચય પ્રતીતિ, અંતર્મુખ શક્તિને અવલોકતાં મોક્ષનગર નજીક આવે, એટલે કે પોતાની પૂર્ણ શુદ્ધતા નજીક થાય.

પોતે જ્ઞાયક ચિદાનંદમૂર્તિ છે એવી શ્રદ્ધા ને રમણતારૂપી પરિણતિના ખેલ કરી પોતે સંસારથી પાર થાય, તેમાં ખેદ નથી. જ્ઞાયક મારું સ્વરૂપ છે, તેમાં એકાગ્ર થતાં સંસારરૂપી દરિયો પાર કરી આનંદ પામે. આત્માનો રમતિયાળ સ્વની રમત કરી મુક્તિ પામે છે.

સંસારદરિયામાં પુણ્ય-પાપના કલ્લોલો ઊઠે છે, ભ્રાંતિ, અજ્ઞાન ને રાગ-દ્વેષના કલ્લોલો ઊઠે છે, તેવા ભવસમુદ્રનો પાર ચિદાનંદના ખેલથી પમાય છે.

પુણ્ય-પાપ આદિ વિકારને મારા માની સંસાર વિષમનો આદર કર્યો છે. ભેદજ્ઞાન

**ત્રણ રહિત, ત્રણ ગુણ સહિત, નિજમાં કરે નિવાસ;**
**શાશ્વત સુખના પાત્ર તે, જિનવર કરે પ્રકાશ. ૭૮. –શ્રી યોગસાર**

વડે ગુપ્ત શક્તિની પ્રતીતિ ને રમણતા કરી રમતમાત્રમાં સંસારનો પાર પમાય છે. પણ અજ્ઞાનીએ શુભાશુભમાં લીનતા કરવાથી સંસારને વિષમ કર્યો છે. પુણ્ય-પાપ મારાં તે સંસાર છે, ને સ્વભાવની પ્રતીતિ ને રમણતા કરી પૂર્ણ દશા પ્રગટે તે મોક્ષ છે. બન્ને અવસ્થાઓ છે. પર્યાયમાં સંસાર છે ને તેનો અભાવ કરી મોક્ષ કરે તે પણ પર્યાય છે. નિજ પરિણતિએ મોક્ષ છે ને પર પરિણતિએ સંસાર છે. નિજ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા એવી નિજપરિણતિથી મોક્ષ છે, ને વિકારાદિ પરપરિણતિથી સંસાર છે.

સત્સંગથી ને અનુભવી જીવના નિમિત્તથી સ્વરૂપની નિજ પરિણતિ થાય. અહીં જ્ઞાનીનું નિમિત્તપણું બતાવે છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની પરિણતિ જ્ઞાનીના નિમિત્તે થાય છે. અજ્ઞાનીના નિમિત્તે થતી નથી. તેમ એકલા શાસ્ત્રના નિમિત્તની પણ વાત નથી. આવી રીતે વિષય મોહ મટે ને પરમાનંદને ભેટે.

નિર્ગ્રંથ સંતોએ સ્વરૂપ પામવાનો રસ્તો સહેલો કર્યો છે.

જ્ઞાન અને આનંદ આત્માનું સ્વરૂપ છે. તેની અંતર્દૃષ્ટિ કરવી ને સ્થિરતા કરવી તે અનુભવપ્રકાશ છે. આત્માની રાગ-દ્વેષ પર્યાય તે સંસાર છે ને વીતરાગી આનંદદશા તે મોક્ષની કરનાર છે, શરીરાદિની ક્રિયા સંસારની કે મોક્ષની કરનારી નથી. નિજ-પરિણતિ તે મોક્ષ છે. જ્ઞાનીને શુભરાગમાં વ્રત-તપ આદિ થાય તે પણ બંધન ભાવ છે, ચૈતન્યના અવલંબને અબંધ અંશ પ્રગટે તે મોક્ષમાર્ગ છે.

હવે નિમિત્ત બતાવે છે. કોઈ નિમિત્ત ઈષ્ટ કે અનિષ્ટ છે જ નહીં, પણ અંતરસ્વભાવની સમજણમાં ગુરુ નિમિત્ત છે. પુણ્ય-પાપ બાહ્ય સામગ્રી આપનારા છે. અંતર્દૃષ્ટિ મુક્તિનું કારણ છે. તેમાં નિમિત્ત સત્સંગ છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે—એવું ભાન થવા પહેલાં અનુભવી જીવનું નિમિત્ત હોય છે. કોઈ કહે કે તેમ માનવાથી નિમિત્ત ઈષ્ટ થઈ જાય છે ને તેથી મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, તો તે વાત ખોટી છે. વળી કોઈ કહે કે ગમે તે નિમિત્ત હોય તોપણ વાંધો નથી, તો તે પણ ખોટું છે. પોતે પોતાના સ્વભાવનું ભાન કરે ત્યારે સત્ નિમિત્ત હોય. જેમ ગતિરૂપ જીવ-પુદ્ગલ સ્વયં પરિણમે છે ત્યાં ધર્માસ્તિકાયને નિમિત્ત ગણાય છે, તેમ પોતે શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરે તે વખતે જ્ઞાનીનું નિમિત્ત હોય છે. કુદેવ, કુગુરુ નિમિત્તરૂપે ન હોય ને એકલાં શાસ્ત્ર પણ નિમિત્ત ન હોય. કોઈ કહે—ધર્માત્માને નિમિત્ત કહેશો તે તે ઈષ્ટ થઈ જશે. તો કહે છે કે ના, તેમ નથી.

**કષાય સંજ્ઞા ચાર વિણ, જે ગુણ ચાર સહિત;**
**હે જીવ! નિજરૂપ જાણ એ, થઈશ તું પરમ પવિત્ર. ૭૯. –શ્રી યોગસાર**

સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટતાં સાચા ગુરુ નિમિત્તરૂપે હોય એમ જાણી લ્યે છે. પરમાર્થે પોતાનો આત્મા જ પોતાને માટે ઈષ્ટ છે. ઉત્તમ, મંગળ અને શરણરૂપ છે. તો શુભરાગમાં વ્યવહારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ આદિને નિમિત્ત કહેવાય છે.

પોતાની પાત્રતાથી મોહ મટે ને પરમાનંદદશાનો સાક્ષાત્કાર થાય આનું નામ ધર્મ છે, એ મોક્ષમાર્ગ છે, તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. ગ્રંથકર્તા શ્રી દીપચંદજી ગૃહસ્થ હતા. તેઓ કહે છે કે જ્ઞાનનો રાહ સ્વરૂપમાં દૃષ્ટિ કરવાથી મળે છે એવો પંથ શ્રી કુંદકુંદાચાર્ય આદિ મુનિઓએ સહેલો કર્યો છે. રાગની રુચિ રાખી અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, દયા-દાનાદિ કર્યા પણ તે પરાશ્રય છે. પુણ્યપરિણામ છે. માટે તે વડે આત્માને ગ્રહણ કરવો કઠિન છે, પણ તેને સ્વાશ્રયદૃષ્ટિથી—અંતરથી પકડવો તે સહેલો છે. સંતોએ માર્ગ સુલભ બતાવ્યો છે. અજ્ઞાની બહારથી ધર્મ માની દુર્લભ માને છે, પણ ખરેખર તે દુર્લભ નથી.

ભગવાન આત્મા શક્તિએ પૂર્ણ ભરેલો છે. શરીર, મન, વાણીમાં ગુપ્ત છે. અનાદિકાળથી અનંત ભવ કર્યા, પણ હું ચૈતન્ય કોણ છું. તેની સંભાળ કરી નહીં. અનેક શરીર ધારણ કર્યા, પણ જીવ એનો એ છે. ચોરાશી લાખ યોનિમાં અવતર્યો, પણ ક્યાંય સ્થિર થયો નહીં. આત્મા જ્ઞાનસૂર્ય છે, ચૈતન્યજ્યોતિ છે, શરીર અને પુણ્ય-પાપથી રહિત છે, તેને ન પહોંચે ત્યાં સુધી આત્માનું કાર્ય સરે નહીં.

પૈસાથી ધર્મ થતો નથી. રાગ મંદ કરે તો પુણ્ય થાય. ઘણા ઉપવાસ કર્યા, સૂર્યના તડકે તપ્યો, પણ જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્માની જેણે સન્મુખતા કરી નહીં તેનાં તપ, જપ આદિ સંસારમાં રખડવા માટે છે. આખી જીંદગી નવ નવ કોટિએ બ્રહ્મચર્ય પાળે પણ જ્ઞાનને જ્ઞાનથી વેદ્યા વિના બ્રહ્મચર્યથી શું વળ્યું ? વસ્ત્ર-પાત્ર છોડી નગ્ન મુનિ થાય. જંગલમાં વસે તોપણ શું થયું ? જેવા સિદ્ધ ભગવાન છે, તેવો આ આત્મા સ્વભાવે પૂર્ણ છે. એવો અપૂર્ણપણે ભાવ ભાસ્યા વિના યતિના ભેખ ધારણ કરે તોપણ શું થયું ? એવા ભેખથી કાંઈ વળે તેમ નથી. ખૂબ સાદાઈ કરે, બે પૂરી અને પાશેર દૂધ લ્યે તોપણ કાંઈ વળે તેમ નથી. તો ભ્રમ-ખેદ કેમ મટે ? (ક્રમશઃ) ❋

**દશ વિરહિત, દશથી સહિત, દશ ગુણથી સંયુક્ત;**
**નિશ્ચયથી જીવ જાણવો, એમ કહે જિનભૂપ. ૮૦.** –શ્રી યોગસાર

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## (૧૧) મહામિથ્યાત્વ ક્યારે ટળે ?

પોતાના સ્વરૂપની સાચી સમજણ વડે અનાદિની મહાભૂલ ટાળવાનો જેને ઉપાય કરવો હોય તેણે તે માટે આત્મજ્ઞાની સત્પુરુષ પાસેથી શુદ્ધાત્માનું સ્વરૂપ સીધું સાંભળવું જોઈએ અને તેનો જાતે અભ્યાસ કરવો જોઈએ. એ ધ્યાન રાખવું કે માત્ર સાંભળ્યા કરવાથી અગૃહીત મિથ્યાત્વ ટળતું નથી, પણ પોતાના સ્વભાવ સાથે મેળવણી કરીને જાતે નિર્ણય કરવો જોઈએ. જીવ પોતે અનંતવાર તીર્થંકર ભગવાનના સમવસરણમાં જઈને તેમનો ઉપદેશ સાંભળી આવ્યો છે પણ સ્વાશ્રય સ્વભાવની શ્રદ્ધા કર્યા વગર તેને ધર્મ થયો નથી. 'આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. પરનું તે કાંઈ જ કરી શકતો નથી. પુણ્યથી આત્માનો ધર્મ થતો નથી' આવી નિશ્ચયની સાચી વાત સાંભળીને તેનો હકાર આવવાને બદલે જીવ નકાર કરે છે કે 'આ વાત આપણા માટે અત્યારે કામની નથી, કાંઈક પરાશ્રય જોઈએ અને પુણ્ય પણ કરવા જોઈએ. પુણ્ય વિના એકલો આત્મા ટકી શકે ?' આ પ્રમાણે પોતાની પરાશ્રયની ઊંધી માન્યતાને દૃઢ કરીને સાંભળ્યું. સત્ સાંભળવા છતાં તે તેણે આત્મામાં ગ્રહણ કર્યું નહીં તેથી મહામિથ્યાત્વ ટળ્યું નહીં.

શરૂઆતથી જ આત્માના શુદ્ધ સ્વરૂપની સ્વાવલંબી સમજણ, તેની શ્રદ્ધા અને તેનું જ્ઞાન કરવાનો માર્ગ છે તે રુચ્યો નહીં. પણ પરાશ્રય અનાદિથી રુચ્યો છે. તેથી સત્ સાંભળતા ઘણા જીવોને એમ થાય છે કે અરે ! જો આત્માનું આવું સ્વરૂપ માનશું તો સમાજ વ્યવસ્થા કેમ નભશે ? સમાજમાં રહ્યા છીએ માટે એક બીજાનું કાંઈક કરવું તો જોઈએ ને ? આવી પરાશ્રિત માન્યતા વડે સંસારનો પક્ષ છોડ્યો નહીં અને આત્માની સમજણ કરી નહીં.

## (૧૨) સત્ય સમજણની જરૂર

સ્વાધીન સત્યનો સ્વીકાર કરવાથી જીવને કદાપી નુકશાન થાય જ નહીં. અને સત્ય તત્ત્વને માનવાથી સમાજને પણ નુકશાન થાય જ નહીં. સમાજ પોતપોતાની અજ્ઞાનતાથી જ દુઃખી છે અને પોતપોતાની સમજણથી જ તે દુઃખ ટળી શકે છે. માટે સત્ય સમજણ કરવી જોઈએ. સાચી સમજણ કરવાથી નુકશાન થશે એમ જે માને છે તે

> **આત્મા દર્શન–જ્ઞાન છે, આત્મા ચારિત્ર જાણ;**
> **આત્મા સંયમ–શીલ–તપ, આત્મા પ્રત્યાખ્યાન. ૮૧.** –શ્રી યોગસાર

સત્યનો મહાન અનાદર કરે છે. મિથ્યાત્વનું મહા પાપ ટાળવા માટે પ્રથમમાં પ્રથમ સાચા તત્ત્વની સાચી ઓળખાણનો અભ્યાસ કરવાની જરૂર છે.

શ્રી સર્વજ્ઞ વીતરાગદેવ, નિર્ગ્રંથ ગુરુ અને તેમના કહેલા અનેકાંતમય સત્ શાસ્ત્રોનો બરાબર નિર્ણય કરવો જોઈએ. પોતે સત્ય સમજવાની જિજ્ઞાસાવાળો થઈને જ્ઞાનીઓ પાસેથી શુદ્ધ આત્માની વાત સાંભળી, વિચાર દ્વારા હિત-અહિતનો નિર્ણય કરવો જોઈએ. આ જ મિથ્યાત્વ ટાળવાનો ઉપાય છે.

**(૧૩) ભગવાનના ઉપદેશનો સાર**

પ્રશ્ન :—ભગવાનના ઉપદેશમાં મુખ્યપણે શું કથન હોય?

ઉત્તર :—ભગવાન પોતે પોતાના પુરુષાર્થ વડે સ્વરૂપની સાચી શ્રદ્ધા અને સ્થિરતા કરી પૂર્ણદશા પામ્યા છે તેથી તેમના ઉપદેશમાં પણ પુરુષાર્થ વડે આત્માની સાચી શ્રદ્ધા અને સ્થિરતા કરવાનો ઉપદેશ મુખ્યપણે આવે છે. પોતાના આત્મસ્વભાવને ઓળખીને તેનો આશ્રય કરવો તે ભગવાનના સર્વ કથનનો સાર છે. ભગવાનના ઉપદેશમાં નવ તત્ત્વોનું સ્વરૂપ બતાવવામાં આવે છે. જો 'આત્મા શુદ્ધ છે' એમ આત્મા-આત્મા જ કોઈ કહ્યા કરે તો અજ્ઞાની જીવો કાંઈ સમજી શકે નહીં, તેથી આત્માનો શુદ્ધ સ્વભાવ શું, તેની વિકારી ને અવિકારી દશા શું, આત્માને સુખનું કારણ શું, દુઃખનું કારણ શું, સંસારમાર્ગ શું, મોક્ષમાર્ગ શું, નવ તત્ત્વ શું, દેવ-ગુરુ-શાસ્ત્ર શું—એ વગેરે સમજાવવામાં આવે છે, પણ તેમાં આત્માનું સ્વરૂપ સમજવાના ઉપદેશની મુખ્યતા હોય છે.

**(૧૪) નવ તત્ત્વો**

આત્માનો મૂળ સ્વભાવ તો શુદ્ધ જ છે, પરંતુ અવસ્થામાં વિકારી અને અવિકારી એવા ભેદ છે. પુણ્ય-પાપ તે વિકાર છે અને તેનું ફળ આસ્રવ તથા બંધ છે. આ ચારે તત્ત્વો (પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ) જીવને દુઃખનું કારણ છે, તેથી તે છોડવા જેવા છે અને આત્મસ્વરૂપની સાચી સમજણ કરીને પુણ્ય-પાપ ટાળીને સ્થિરતા કરવી તે સંવર-નિર્જરા-મોક્ષ છે. આ ત્રણે તત્ત્વો આત્માને સુખનું કારણ છે, તેથી તે પ્રગટ કરવા યોગ્ય છે. જીવ પોતે જ્ઞાનમય છે પણ પોતે જ્ઞાનરહિત એવી અજીવ વસ્તુના લક્ષે ભૂલ કરે છે, તેથી જીવ-અજીવતત્ત્વનું જુદાપણું સમજાવાય છે. આ રીતે નવ તત્ત્વોનું સ્વરૂપ સમજવું જોઈએ.

**જે જાણે નિજ આત્મને, પર ત્યાગે નિર્ભ્રાન્ત;**
**તે જ ખરો સંન્યાસ છે, ભાખે શ્રી જિનનાથ. ૮૨. –શ્રી યોગસાર**

### (૧૫) દ્રવ્ય અને પર્યાય

આત્મા પોતાની શક્તિથી ત્રિકાળ શુદ્ધ છે, પણ તેની વર્તમાન પર્યાય બદલાયા કરે છે, એટલે કે શક્તિસ્વભાવે કાયમ ટકીને અવસ્થામાં ફેરફાર (પરિણમન) થયા કરે છે. અવસ્થામાં પોતે પોતાનું સ્વરૂપ ભૂલીને મિથ્યાત્વરૂપ મહાભૂલ ઉત્પન્ન કરે છે, તે ભૂલ અવસ્થામાં છે અને અવસ્થા બદલાઈ જતી હોવાથી તે ભૂલ સાચી સમજણ દ્વારા પોતે ટાળી શકે છે. અવસ્થામાં ભૂલ કરનાર જીવ પોતે જ છે તેથી પોતે જ તે ભૂલ ટાળી શકે છે.

### (૧૬) સાચી સમજણ કરવી

જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો હોવાથી અજીવને પોતાનું માને છે અને તેથી તેની અવસ્થામાં પુણ્ય, પાપ, આસ્રવ, બંધ થાય છે. સાચી સમજણ વડે સમ્યગ્દર્શન પ્રગટ કરતાં અજીવથી અને વિકારથી ભિન્ન પોતાનું સ્વરૂપ તેના લક્ષમાં આવે છે અને તેથી પુણ્ય-પાપ-આસ્રવ-બંધ ક્રમે ક્રમે ટળીને સંવર, નિર્જરા, મોક્ષદશા પ્રગટ થાય છે. માટે સૌથી પ્રથમ સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારના મિથ્યાત્વને આત્માની સાચી સમજણ વડે ટાળવા જોઈએ. આત્માના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન વડે પોતાના સ્વરૂપની મહાન ભ્રમણાનો અભાવ કરવો, તે જ અપૂર્વ ધર્મની શરૂઆત છે.

### (૧૭) ક્રિયા અને ગ્રહણ-ત્યાગ

સાચી સમજણ વડે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કરતાં જ સંવર-નિર્જરારૂપ ધર્મ શરૂ થઈ જાય છે, અનંત સંસારના મૂળરૂપ મિથ્યાત્વનો ધ્વંસ થાય છે. અનંત પરવસ્તુઓથી પોતાને લાભ-નુકશાન થાય એવી માન્યતા ટળતાં અનંત રાગ-દ્વેષની અસત્ ક્રિયાનો ત્યાગ થયો અને જ્ઞાનની સત્ ક્રિયાનું ગ્રહણ થયું. આ જ સૌથી પ્રથમ ધર્મની ક્રિયા છે. આ સમજ્યા વગર ધર્મની ક્રિયા જરાપણ હોઈ શકે નહીં. દેહ તે જડ છે. તે દેહની ક્રિયા સાથે આત્માના ધર્મનો કાંઈ સંબંધ નથી.

આત્માનો ત્રિકાળી સ્વભાવ કેવો છે. તેની વિકારી તથા અવિકારી અવસ્થા કેવા પ્રકારની થાય છે, અને વિકારી અવસ્થા વખતે કેવા નિમિત્તનો સંયોગ હોય તથા અવિકારી અવસ્થા વખતે કેવા નિમિત્તો છૂટી ગયા હોય તે જાણવું જોઈએ, આ માટે સ્વ-પરના ભેદજ્ઞાનપૂર્વક નવ તત્ત્વનું જ્ઞાન હોવું જોઈએ. (ક્રમશઃ) ❊

**રત્નત્રયયુત જીવ જે, ઉત્તમ તીર્થ પવિત્ર;**
**હે યોગી! શિવહેતુ એ, અન્ય ન તંત્ર, ન મંત્ર. ૮૩.** **–શ્રી યોગસાર**

# સુખ વિષે વિચાર

હે ભાઈ, તારે સુખી તો થવું છે ને! તો સુખના સ્વરૂપ વિષે તે કદી વિચાર કર્યો છે? તું એટલો વિચાર કરી જો, કે તે જે-જે પર વિષયમાં સુખ માન્યું છે તે-તે વિષયમાં આગળ ને આગળ જતાં છેવટે શું પરિણામ આવે છે? ખાવા-પીવા વગેરે કોઈપણ વિષયમાં છેવટે તો કંટાળો જ આવે છે, ને તે છોડીને બીજા વિષય તરફ ઉપયોગ જાય છે. એ રીતે, જો વિષયોના ભોગવટામાં અણગમો જ આવી જાય છે તો તું સમજી લે કે તેમાં ખરેખર તારું સુખ હતું જ નહીં, પણ તેં માત્ર કલ્પનાથી જ સુખ માન્યું હતું. જો ખરેખર સુખ હોય તો તે ભોગવતાં ભોગવતાં કદી કોઈને કંટાળો આવે નહીં. જુઓ, સિદ્ધભગવંતોને આત્માનું સાચું સુખ છે, તો તેમને તે સુખ ભોગવતાં અનંતકાળે પણ કંટાળો આવતો નથી...આત્મિક સુખથી તેઓ તૃપ્ત-તૃપ્ત છે.

હે આત્માર્થી! આત્મા સિવાય કોઈપણ બાહ્ય વિષયમાં સુખ નથી, એ વાત જો તું જરાક વિચાર કરીને જો તો તને પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય તેવી છે. જેમકે લાડવા ખાવામાં તે સુખ માન્યું. એક લાડવો ખાધો...બે ખાધા, ત્રણ...ચાર...ખાધા...છેવટે એમ થાય કે હવે બસ, હવે લાડવા ખાવામાં સુખ લાગતું નથી. તો સમજી લે કે પાછળથી જેમાં સુખનો અભાવ ભાસ્યો તેમાં પહેલેથી જ સુખનો અભાવ છે. એ રીતે લાડવાના સ્થાને કોઈપણ પરવિષય લઈને વિચાર કરતાં નક્કી થશે કે એ વિષયોમાં સુખ નથી. પણ આત્મસ્વભાવમાં જ સુખ છે. એ સ્વભાવસુખ નક્કી કરીને તેની હા પાડ, ને વિષયોમાં સુખની બુદ્ધિ છોડ.

જેમાં ખરેખર સુખ હોય તેમાં ગમે તેટલું આગળ ને આગળ જતાં ક્યારેય પણ કંટાળો ન આવે; સ્વભાવમાં સુખ છે તો તેમાં જેમ-

જેમ આગળ વધે છે તેમ-તેમ સુખ વધે છે....તેમાં કંટાળો આવતો નથી, ને વિષયસુખોમાં કંટાળો આવ્યા વિના રહેતો નથી.

પરવિષયો બે પ્રકારના છે—શુભ, અશુભ, પાપના ભાવમાં તો કંટાળે છે ને મંદિર, ભક્તિ, દયા વગેરે શુભના ભાવમાં પણ લંબાતા લંબાતા છેવટે થાકે છે, ત્યાંથી ખસવાનું મન થાય છે. જો તે શુભમાં સુખ હોય તો ત્યાંથી ખસવાનું મન કેમ થાય? અજ્ઞાની જીવ શુભથી ખસીને શુદ્ધમાં જતો નથી પણ શુભથી ખસીને અશુભમાં જાય છે. એટલે પરતરફના વિષયમાં જ રહીને શુભ ને અશુભમાં જ ઉપયોગને ભમાવ્યા કરે છે. પણ, અત્યાર સુધી પરવલણમાં રહ્યો પણ ક્યાંયથી સુખ અનુભવમાં આવ્યું નહીં. માટે 'પર તરફના વલણમાં સુખ નથી પણ સ્વ તરફના અંતર્મુખ અવલોકનમાં જ સુખ છે. અતીન્દ્રિયજ્ઞાનમાં જ સુખ છે'—એમ નિર્ણય કરીને જો સ્વ તરફ વળે તો સિદ્ધ ભગવાન જેવા આત્માના સુખનો અનુભવ પ્રગટે, ને વિષયોમાંથી રુચિ ટળી જાય—આ દશાનું નામ ધર્મ છે.

હે ભાઈ! છેવટે લાંબે કાળે પણ તારે વિષયોમાં (—શુભ કે અશુભમાં) કંટાળીને તેમાં સુખની ના પાડવી પડે છે, તો વર્તમાનમાં જ સ્વભાવના સુખની હા પાડીને વિષયોમાં સુખની ના પાડ ને! વિષયોના લક્ષે વિષયોના સુખની ના પાડે છે તેથી તે 'ના' ટકતી નથી, ને પાછો બીજા ઈન્દ્રિયવિષયોમાં જ તું લીન થાય છે. જો સ્વભાવના અતીન્દ્રિય સુખની રુચિથી હા પાડીને તે વિષયસુખની ના પાડે તે 'હા' અને 'ના' બંને યથાર્થ ટકશે, ને આગળ જતાં અતીન્દ્રિય કેવળ સુખ પ્રગટશે. એ રીતે આત્માર્થીને પહેલેથી જ સ્વલક્ષે ઈન્દ્રિય તરફના વલણમાંથી આદરબુદ્ધિ ટળી જવી જોઈએ, ને અતીન્દ્રિય સુખની પરમ આદરપૂર્વક શ્રદ્ધા થવી જોઈએ, તે જ અતીન્દ્રિય સુખ પ્રગટવાનો ઉપાય છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—ધર્મ કરવામાં દ્રવ્ય-ગુણ-પર્યાય સમજવાની શું જરૂર છે? દાન-વ્રત-તપ કરવાથી ધર્મ તો થાય છે?

ઉત્તર :—દાન-વ્રત-તપ કરે અને તે શુભરાગથી લાભ માને–ધર્મ માને તે તો મિથ્યાત્વના મોટા પાપને બાંધે છે. વ્રતાદિના પરિણામ તો રાગરૂપ છે, બંધરૂપ છે અને ધર્મ તો વીતરાગ પરિણામ છે. આત્મા આનંદસ્વરૂપ મહાપ્રભુ છે તેને દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપથી ઓળખે તો રાગથી ભિન્ન પડી ચૈતન્યસ્વરૂપ આત્મામાં એકાગ્ર થાય અને ત્યારે ધર્મ થાય છે.

પ્રશ્ન :—દ્રવ્ય તથા ગુણમાં તથા એક ગુણ અને બીજા ગુણ વચ્ચે શું કોઈ અભાવ છે? જો હોય તો કેવો અને તેને સમજવાથી શું લાભ થાય?

ઉત્તર :—દ્રવ્ય તે ગુણ નથી અને ગુણ તે દ્રવ્ય નથી. ગુણ અને દ્રવ્ય વચ્ચે, એક ગુણ અને બીજા ગુણ વચ્ચે અતદ્‌ભાવ છે. પોતાના દ્રવ્યમાં પણ ગુણને અને દ્રવ્યને અતદ્‌ભાવ છે. આહાહા! અહીં સુધી વાત લીધી છે તો બીજા બહારના પદાર્થો કે જેના પ્રદેશો પૃથક્ જ છે તે તો સર્વથા જુદા જ છે તો એક પદાર્થ બીજા પદાર્થને કરે શું? આહાહા! પ્રભુ તું એકલડો છે, એકલડામાં પણ સત્તાને અને દ્રવ્યને તદ્ અભાવ છે. જ્ઞાન છે તે આત્મા નથી. આનંદ છે તે આત્મા નથી અને આત્મા છે તે આનંદ નથી. આમ બે વચ્ચે તદ્ અભાવ છે. દ્રવ્યની સ્વતંત્રતાના પ્રવચનસારમાં ઘણા બોલ આવી ગયા. જે રીતે સત્ય છે એ જ રીતે એના જ્ઞાનમાં આવે તો જ પર્યાય અંદર વળી શકશે. નહિંતર પર્યાય અંદર નહિ વળે.

પ્રશ્ન :—દ્રવ્યને ગુણ સ્પર્શતો નથી અને ગુણને દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહેવામાં શું પ્રયોજન છે?

ઉત્તર :—ગુણભેદની દૃષ્ટિ છોડાવીને અભેદવસ્તુની દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે.

**દર્શન જે નિજ દેખવું, જ્ઞાન જે વિમળ મહાન;**
**ફરી ફરી આતમભાવના, તે ચારિત્ર પ્રમાણ. ૮૪.** **–શ્રી યોગસાર**

પ્રશ્ન :—દ્રવ્ય અને ગુણોમાં કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ ક્યા પ્રકારથી છે?

ઉત્તર :—નિશ્ચય સ્વરૂપ જ્ઞાતા જૈનાચાર્ય, જેમ હિમાચલ અને વિંધ્યાચલ પર્વતમાં ભિન્નપણું છે અથવા એકક્ષેત્રમાં રહેલા જલ અને દૂધમાં ભિન્ન પ્રદેશપણું છે એવું ભિન્નપણું દ્રવ્ય અને ગુણોમાં માનતાં નથી, તોપણ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું એકપણું પણ માનતા નથી. અર્થાત્ જેમ દ્રવ્ય અને ગુણોમાં પ્રદેશોની અપેક્ષાથી અભિન્નપણું છે, તેમ સંજ્ઞા આદિની અપેક્ષાએ પણ એકપણું છે એમ માનતાં નથી. અર્થાત્ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું ન એકપણું માને છે ન ભિન્નપણું માને છે. અપેક્ષા વિના એકત્વ, અન્યત્વ બન્ને માનતા નથી. પરંતુ ભિન્ન ભિન્ન અપેક્ષાથી બન્ને સ્વભાવોને માને છે. પ્રદેશોની એકતાથી એકપણું છે. સંજ્ઞાદિની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણોમાં અન્યપણું છે—એમ આચાર્ય માને છે. (જયેસનાચાર્ય—પંચાસ્તિકાય ટીકા ગાથા—૪૫)

પ્રશ્ન :—કોઈ દ્રવ્ય પોતાનો સ્વભાવ છોડતો નથી તો જીવ સંસારી કેમ?

ઉત્તર :—કોઈ દ્રવ્ય પોતાનો સ્વભાવ છોડતો નથી એટલે? ત્રિકાળી સ્વભાવ છોડતો નથી. વર્તમાન દશામાં વિકારી દશા હોય, બંધ અવસ્થા હોય તોપણ ત્રિકાળી સ્વભાવ છોડતો નથી. બંધની અવસ્થા હો, મોક્ષમાર્ગની અવસ્થા હો કે મોક્ષ હો પરંતુ વસ્તુ તો ધ્રુવ એવી ને એવી પર્યાયની પાછળ ત્રણે કાળ મોજુદ પડી છે.

પ્રશ્ન :—દ્રવ્યમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે, પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં ભળી જાય છે તો દ્રવ્ય—ધ્રુવ ટંકોત્કીર્ણ તો ન રહ્યું?

ઉત્તર :—પર્યાય દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે ને પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં ભળે છે એ પર્યાયાર્થિકનયથી કહ્યું છે. દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય તો ધ્રુવ ટંકોત્કીર્ણ કૂટસ્થ છે.

પ્રશ્ન :—દ્રવ્યથી પર્યાય ભિન્ન છે તો પર્યાય ક્યાંથી આવે છે?

ઉત્તર :—પર્યાય આવે છે તો દ્રવ્યમાંથી, અદ્ધરથી નથી આવતી પણ જ્યારે પર્યાયને સત્‌રૂપે સ્વતંત્ર સિદ્ધ કરવી હોય ત્યારે પર્યાય પર્યાયથી જ છે. દ્રવ્યથી પર્યાય હોય તો દ્રવ્ય એકરૂપ રહે છે અને પર્યાય અનેકરૂપ થાય છે. દ્રવ્યની જેવી એકરૂપ જ થવી જોઈએ પણ તેમ થતી નથી. દ્રવ્ય સત્ છે તેમ પર્યાય પણ સત્ છે સ્વતંત્ર છે તે અપેક્ષાથી દ્રવ્યથી પર્યાયને ભિન્ન કહેવાય છે.

**જ્યાં ચેતન ત્યાં સકળ ગુણ, કેવળી એમ વદંત;**
**તેથી યોગી નિશ્ચયે, શુદ્ધાત્મા જાણંત. ૮૫.** —શ્રી યોગસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—દ્રવ્ય પર્યાયમાં આવતું નથી તે કેવી રીતે? આપ સમજાવશોજી.

સમાધાન :—દ્રવ્ય પર્યાયમાં નથી આવતું એટલે કે દ્રવ્ય છે તે દ્રવ્યરૂપે રહે છે. દ્રવ્યનું સ્વરૂપ શાશ્વત—અનાદિ-અનંત છે, જ્યારે પર્યાય ક્ષણ પૂરતી છે, બીજી ક્ષણે પલટી જાય છે. માટે જેમ પર્યાય ક્ષણે ક્ષણે પલટાય છે તેવું દ્રવ્યનું સ્વરૂપ નથી અને તેથી દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. દ્રવ્ય ક્ષણે ક્ષણે પલટાતું નથી, દ્રવ્ય તો એકસરખું રહે છે અને પર્યાય તો પલટાય છે. એટલે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. બાકી પર્યાય છે તે દ્રવ્યનું સ્વરૂપ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણે થઈને એક દ્રવ્યનું સ્વરૂપ છે. દ્રવ્ય અનાદિ-અનંત છે અને પર્યાય પલટાયા કરે છે. છતાં પર્યાય દ્રવ્યના આશ્રયે જ થાય છે, દ્રવ્યમાં જ થાય છે; કાંઈ અધ્ધર નથી થતી. જે સ્વભાવપર્યાય થાય છે તે દ્રવ્યના આલંબનથી થાય છે. જ્ઞાન, આનંદ આદિ અનંતગુણની જે બધી શુદ્ધપર્યાય થાય છે તે દ્રવ્યના આશ્રયે થાય છે અને જે વિભાવપર્યાય થાય છે તે પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. તે વિભાવપર્યાય પોતાનો સ્વભાવ નથી, માટે તેને અને પોતાને ભાવભેદ છે. પોતાનો અને વિભાવભાવ જે આકુળતાવાળા છે તેનો સ્વભાવ જુદો છે,—તે બંનેને ભાવભેદ છે તેથી વિભાવથી ભેદજ્ઞાન કરે કે જે આકુળતાવાળો વિભાવભાવ છે તે મારો સ્વભાવ નથી, તે પુરુષાર્થની મંદતાએ થાય છે; પણ પુરુષાર્થ તીવ્ર થાય તો વિભાવ પર્યાય છૂટી જાય છે અને સ્વભાવ પર્યાય પ્રગટ થાય છે.

પ્રશ્ન :—દ્રવ્ય નિષ્ક્રિય કઈ રીતે છે?

સમાધાન :—પોતાની અપેક્ષાએ દ્રવ્ય નિષ્ક્રિય છે. દરેક ગુણનું કાર્ય પર્યાયમાં આવે છે. જ્ઞાનગુણનું કાર્ય જ્ઞાનરૂપે ને આનંદનું કાર્ય આનંદરૂપે આવે છે. દરેક ગુણનું કાર્ય આવ્યા જ કરે છે. કેવળજ્ઞાનીને કેવળજ્ઞાન થાય ને લોકાલોક જણાય તે જ્ઞાનનું કાર્ય છે અને કેવળજ્ઞાની આનંદરૂપે પરિણમ્યા કરે તે આનંદનું કાર્ય છે. તે અપેક્ષાએ દ્રવ્ય

**એકાકી, ઇન્દ્રિયરહિત, કરી યોગત્રય શુદ્ધ;**
**નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ. ૮૬.** —શ્રી યોગસાર

સક્રિય છે, પણ તે દ્રવ્ય એવી જાતનું સક્રિય નથી કે દ્રવ્ય પોતે બધી રીતે–સર્વથા–ક્રિયાત્મક થઈ જાય. અનાદિ-અનંત દ્રવ્ય પોતે પોતાની અપેક્ષાએ નિષ્ક્રિય છે, અને પર્યાય અપેક્ષાએ સક્રિય છે, સર્વથા નિષ્ક્રિય નથી.

મુમુક્ષુઃ—જે દૃષ્ટિનો વિષય બને છે તે દ્રવ્ય સર્વથા નિષ્ક્રિય છે એમ લેવું?

બહેનશ્રીઃ—હા, જે દૃષ્ટિનો વિષય બને છે તે દ્રવ્ય એકસરખું નિષ્ક્રિય રહે છે. જેમાં કાંઈ ફેરફાર નથી, જે અનાદિ–અનંત એકસરખું રહે છે અને જેનો નાશ નથી એવી જાતનું દ્રવ્ય અનાદિ–અનંત નિષ્ક્રિય છે. આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિય છે અને પર્યાય અપેક્ષાએ સક્રિય છે. જો તે એકલો નિષ્ક્રિય હોય તો તેમાં કેવળજ્ઞાનની, મુનિદશાની પર્યાય થાય નહિ. માટે આત્મા પર્યાય અપેક્ષાએ સક્રિય છે ને દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિય છે. આત્મા સર્વથા શૂન્ય નથી, જાગૃતિવાળો છે, કાર્યોવાળો છે; પણ દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિય છે. પોતાનો સ્વભાવ જળવાયેલો એવો ને એવો નિત્ય ધ્રુવરૂપે રહે છે તેથી નિષ્ક્રિય છે. આત્મા પર્યાય અપેક્ષાએ કાર્યોવાળો છે. કેમકે જો આનંદ આનંદરૂપે કાર્ય ન લાવે તો આનંદનો ગુણ કેવી રીતે કહેવાય? જો કોઈ જાતની ક્રિયા તેમાં ન થાય તો જાણવાનું, શાંતિનું, પુરુષાર્થનો પલટો થવાનું કાર્ય જ ન થાય અર્થાત્ કોઈ કાર્ય જ ન થાય. માટે આત્મદ્રવ્ય સર્વથા નિષ્ક્રિય નથી. છતાં દ્રવ્ય એકસરખું–જેમ છે તેમ–ધ્રુવરૂપે રહે છે, તેથી પરમપારિણામિકભાવે નિષ્ક્રિય પણ છે. પર્યાય કોઈ અપેક્ષાએ પારિણામિકભાવે પણ છે કેમકે તે કોઈની અપેક્ષા રાખતી નથી, સ્વતંત્ર પરિણમે છે, ઉપશમ આદિ ભાવોમાં કોઈની અપેક્ષા લાગુ પડતી નથી, માટે તે અપેક્ષાએ પર્યાય પારિણામિકભાવે છે, પણ તે પર્યાય છે માટે સક્રિય છે.

પ્રશ્ન :—દૃષ્ટિનું બળ કોના ઉપર હોય છે? અને વધારે બળ કોનું–દૃષ્ટિનું કે જ્ઞાનનું?

સમાધાન :—દૃષ્ટિનું જોર એક સામાન્ય ઉપર જ છે અને જ્ઞાન સામાન્ય–વિશેષ બંનેને જાણે છે, જાણવામાં ભેદ આવે છે. દૃષ્ટિમાં જે સામાન્યનું બળ આવે છે એવી જાતનું બળ જ્ઞાનમાં આવતું નથી. દૃષ્ટિ બળવાન છે ને તે એક સામાન્યને ગ્રહણ કરે છે, તે એક સામાન્ય ઉપર જોર મૂકીને આગળ જાય છે કે અનાદિ–અનંત ચૈતન્ય સામાન્ય તે હું છું. ગુણ–પર્યાયના ભેદ ઉપર પણ તેની નજર નથી. તે તો એક સામાન્ય ચૈતન્ય અસ્તિત્વ કે જે જ્ઞાયક છે તે હું એમ સ્વીકારે છે. આમ જેવું દૃષ્ટિનું બળ, તેવું બળ જ્ઞાનનું નથી. કેમકે જ્ઞાન સામાન્ય–વિશેષ બંનેને જાણે છે. જ્ઞાન યથાર્થ હોય તો પરિણતિ યથાર્થ થાય છે, પણ દૃષ્ટિ વધારે બળવાન છે. દૃષ્ટિમાં બળ છે, કેમકે દૃષ્ટિએ આખા સામાન્યને ગ્રહણ કર્યું છે.　　(ક્રમશઃ) ❋

## બાળ વિભાગ

## કલાકાર અંગારકની કથા

(જેણે પોતાના આત્મારૂપી આભૂષણમાં સમ્યક્ રત્નને જડીને સાચી કલા પ્રગટ કરી, જ્ઞાનકલા પ્રગટ કરી—એવા મહાન કલાકારની કથા)　　　(ગતાંકથી આગળ)

ક્ષણવાર માટે તો તેને એ વિચાર આવ્યો, પરંતુ જ્યારે મણિ ધ્યાનમાં આવ્યો તો ફરીથી તેના ચિત્તમાં પ્રશ્ન ઊઠ્યો—

“જો મુનિરાજે તેની ચોરી કરી નથી તો તે ક્યા ગયો ?”

મણિના મોહમાં તે પાગલવત્ થઈ અને અંતે તેણે નિશ્ચય કર્યો—“નહીં....નહીં... તે કોઈ મુનિ નથી પણ માયાવી છે અને તેનું આ કાળું કામ છે. આ ઠગ માયાવીએ મંત્રાદિના પ્રભાવથી મણિ ચોરીને ક્યાંક છુપાવી દીધો હશે... પણ મારાથી બચીને ક્યાં જશે ? મુનિવેશમાં રહી આવા કામ કરે છે—તેને હું એવો પાઠ ભણાવીશ જે જિંદગીભર યાદ રહેશે. તે ક્યાંય પણ હશે તોપણ હું તેને પકડીને લાવીશ.”—આમ વિચાર કરીને ક્રોધથી અત્યંત ઉત્તેજિત થઈને મુનિની શોધમાં ઉપવનની તરફ તેજ ગતિએ પ્રયાણ કર્યું.

આ બાજુ એકાંત શાંત વનમાં શ્રી જ્ઞાનસાગર મહારાજ આત્મધ્યાનમાં મગ્ન છે. તે જગતની માયાજાળથી ખૂબ જ દૂર....સંસારના વિષય વાતાવરણથી પાર.... અને જાણે પરમ શાંત અનંત સુખમય સિદ્ધ ભગવંતોના એકદમ પાસે રહે છે....અનંત સુખમય આત્માના ધ્યાનમાં તે પૂર્ણરૂપથી એકાગ્ર થતાં જાય છે.

ત્યાં ક્રોધથી લાલપીળો થયો અંગારક હાથમાં લાકડી લઈને મુનિરાજને ગોતતો થકો આવી રહ્યો છે...ધ્યાનસ્થ મુનિરાજને દૂરથી જ જોઈને બોલ્યો—“અરે પાખંડી ! જલ્દી બોલ !! મારો મણિ ક્યાં છે ?”

પણ જવાબ કોણ આપે ? મુનિરાજ તો ધ્યાનસ્થ છે. જો કે તેઓ અવધિજ્ઞાની હતા. તોપણ સ્વરૂપથી બહાર આવી અવધિજ્ઞાનનો જ્યારે ઉપયોગ કરે, ત્યારે બતાવે, પણ તેઓ આત્મસાધનામાં લીન હતા, તેમને મૌન જોઈને અંગારકનો ક્રોધ ખૂબ વધી ગયો.

તેણે કહ્યું—“અરે ધૂર્ત ! ધોળા દિવસે ચોરી કરીને હવે ઢોંગ કરે છે. તું એ ન સમજ કે હું તને છોડી દઈશ. જલ્દી બતાવ મારો મણિ ક્યાં છે ?”

પરંતુ જ્યાં વીતરાગી મુનિરાજની ક્ષમારૂપી ઢાલની સામે તે ક્રૂર વચનોની કોઈ અસર થઈ નહીં....મુનિરાજ તો અડગ ધ્યાનમાં જ હતા.

જ્યારે અંગારકે જોયું કે તેના ક્રૂર વચનોની મુનિરાજ ઉપર કોઈ અસર નથી થતી તો તેણે વિચાર્યું કે જરૂર તેમણે જ મારો મણિ ક્યાંક છુપાવ્યો છે....એટલે તે મૌન છે.

‘‘સીધી રીતે બોલ મારો મણિ આપે છે કે નહીં ? કે આનો સ્વાદ ચખાડું.’’—આમ કહીને તેણે મુનિરાજ ઉપર વાર કરવા લાઠી ઉગામી.

અરે ! થોડા સમય પહેલા જેમના પવિત્ર ચરણોમાં શ્રદ્ધાપૂર્વક જે પોતાનું મસ્તક નમાવી રહ્યો હતો, હવે તે તેમના ઉપર જ પ્રહાર કરવા તૈયાર થઈ ગયો....અરે ! જુઓ જીવના પરિણામની કેવી વિચિત્રતા છે. ભાવોનું કેવું પરિવર્તન ?

મુનિરાજ તો બોલ્યા નહીં...તો ન જ બોલ્યા.. ધ્યાનથી ડગ્યા નહીં. હવે અંગારકે મુનિને મારવા માટે લાકડી ઉગામી... તે લાકડી મુનિ ઉપર લાગવા પહેલા ડાળ ઉપર બેઠેલા મોરને લાગી અને મોરે કરુણ ચિત્કાર કરતા તેના કંઠમાંથી કોઈ ચમકીલી વસ્તુ જમીન ઉપર પડી.....અરે ! આ શું ? આ તો તે જ પદ્મરાગમણિ છે. તેના લાલ-લાલ તેજથી પૃથ્વી જગમગાવા લાગી...જાણે મુનિરાજની રક્ષા થવાથી—ઉપસર્ગ દૂર થવાની ખુશીમાં આનંદથી હસી રહી હોય.



અંગારક તો મણિને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો.... તેની આંખોની સામે અંધારું છવાઈ ગયું.... લાકડી હાથમાં જ રહી ગઈ....અને ધડામ દઈને મુનિરાજના ચરણોમાં પડી ગયો. પદ્મરાગમણિના ગુમ થઈ જવાનું રહસ્ય એકદમ સ્પષ્ટ થઈ ગયું અને તે કલાકાર પોતાના અવિચારી કૃત્યને કારણે પશ્ચાત્તાપના સાગરમાં બેભાન થઈને પડ્યો હતો.... ધ્યાનસ્થ મુનિરાજને બહાર શું થઈ રહ્યું હતું તેની ખબર જ ન હતી.

શ્રી મુનિરાજે णमो सिद्धाणम् કહીને જ્યારે ધ્યાન પૂર્ણ કર્યું અને આંખો ખોલી.... ત્યારે જોયું કે થોડા સમય પહેલા (આહારદાનના સમય)નો અંગારક અહીં ચરણોમાં પશ્ચાત્તાપના કારણે રડી રહ્યો હતો.....એક બાજુ પદ્મરાગમણિ ધૂળમાં પડ્યો હતો....થોડી દૂર એક બાજુ લાકડી પડી હતી....ડાળ ઉપર બેઠેલો મોર મણિ સામે તાકી રહ્યો હતો.... શ્રી મુનિરાજને બધી પરિસ્થિતિને સમજતા વાર ન લાગી....તેમણે અંગારકને આશ્વાસન દેતા અત્યંત કરુણાપૂર્વક કહ્યું :—

"વત્સ અંગારક ! દુ:ખી ન થા. વિચારવાનું છોડી દે. ઈજ્જત અને લક્ષ્મીનો મોહ એવો જ છે, જે જીવને અવિચારી બનાવી દે છે. વત્સ અંગારક ! જે થવાનું હતું તે થઈ ગયું.... હવે શોક કરવાનું છોડી દે અને....પોતાના આત્મહિત સાધવા માટે તત્પર થા."

પશ્ચાત્તાપની આગમાં સળગતા અંગારકના હૃદયમાં મુનિરાજના વચનોએ અમૃતનું સિંચન કર્યું.... તેને હાથ જોડીને મુનિરાજને નિવેદન કર્યું.

"પ્રભુ ! મને ક્ષમા કરો. મોહથી અંધ થઈને મેં અત્યંત ઘૃણિત કાર્ય કર્યું છે... ક્રોધથી હું અવિચારી બની ગયો હતો... પ્રભુ ! મને ક્ષમા કરીને આ ભયંકર પાપથી મારો ઉદ્ધાર કરો. હે નાથ ! આપશ્રીના આહારદાનના સમયે મેં આ મણિને પેટી ઉપર મૂકી દીધો હતો અને તે સમયે ડાળ ઉપર બેઠેલો મોર ઘરમાં ઘુસી ગયો અને ચમચમાતો મણિને ખાવાની વસ્તુ સમજીને તેને ગળી ગયો...પરંતુ તે મણિ ભાગ્યવશ તેના ગળામાં જ અટકી ગયો... પરંતુ મેં વગર વિચાર્યે આપ ઉપર શંકા કરી...આપ ઉપર પ્રહાર કરવા લાકડી ઉગામી.... પરંતુ પ્રભુ ! સદ્ભાગ્યથી... તે મોર આપની પાછળ-પાછળ અહીં આવીને આ વૃક્ષ ઉપર બેસી ગયો હતો.... અને મારા દ્વારા આપને મારવા માટે લાકડી ઉપર ઉઠાવી તેના ગળા ઉપર લાકડી લાગી ને ગળામાંથી મણિ નીચે પડી ગયો....આ પ્રકારે આપની રક્ષા થઈ ગઈ....મોરના પણ પ્રાણ બચી ગયા....અને મારા આ પાપી હાથોથી એક વીતરાગી યોગીની હિંસા થતી-થતી બચી ગઈ."

આમ બોલતા-બોલતા પશ્ચાત્તાપના ભાવ હોવાથી અંગારકના પાપ જાણે પાણી-પાણી થઈને આંખોથી અશ્રુધારાના રૂપમાં બહાર નીકળી રહ્યા હતા. થોડીવાર શાંત રહીને તેણે ફરીથી મુનિરાજને કહ્યું– (ક્રમશઃ) ❊


અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૬મી જન્મજયંતી (તા. ૧૩-૮-૨૦૧૯ થી તા. ૧૭-૮-૨૦૧૯)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૧૩-૮-૨૦૧૯, મંગળવારથી તા. ૨૨-૮-૨૦૧૯, ગુરુવાર—દસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહારગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

✻ **નંદીશ્વર અષ્ટાહ્નિકા** :—અષાઢ સુદ-૮, તા. ૯-૦૭-૨૦૧૯, મંગળવારથી અષાઢ સુદ-૧૫, તા. ૧૬-૭-૨૦૧૯ મંગળવાર સુધી સુવર્ણપુરીમાં નંદીશ્વર જિનાલયમાં નંદીશ્વર વિધાન પૂજા તથા ભક્તિની વિશેષ આરાધનાપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **વીરશાસન જયંતી** :—અષાઢ વદ-૧, બુધવાર, તા. ૧૭-૭-૨૦૧૯ના રોજ શ્રી વીરશાસનજયંતી વિશેષ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

✻ દામનગર નિવાસી (હાલ મુંબઈ) ત્રિવેણીબેન કેશવલાલ વૃજલાલ કોઠારી (–તેઓ શ્રી ચીમનલાલ, શાંતિભાઈ, ગિરધરભાઈ મોદીના બહેન) (ઉ.વ. ૯૫) તા. ૨૦-૫-૨૦૧૯ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.

✻ સોનગઢ નિવાસી ગુણવંતીબેન બાબુભાઈ શાહ (ખારવાળા) (ઉ.વ. ૯૪) તા. ૨૫-૫-૨૦૧૯ના રોજ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ તથા સ્મરણપૂર્વક દેહપરિવર્તન થયેલ છે.

✻ જલગાંવ નિવાસી પંડિત શ્રી મધુભાઈ જૈન (ઉ.વ. ૮૧) તા. ૯-૦૬-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ સહપ્રતિષ્ઠાચાર્ય તથા વાંચનકાર હતા. તેઓ પૂજ્ય ગુરુદેશ્રીના ઘણા જૂના અનુયાયી હતા. મહારાષ્ટ્ર તથા હિન્દી સમાજમાં તેઓશ્રી સમ્માનનીય વ્યક્તિ હતા. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રરૂપિત તત્ત્વજ્ઞાન પ્રતિ સમર્પિત હતા અને તેઓએ તેનો ઘણો પ્રસાર-પ્રચાર કર્યો હતો.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૭૨)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(કૌંસમાં આપેલ વિકલ્પમાંથી સાચો ઉત્તર લખો.)

(૧) તત્ત્વો ................ હોય છે. (૫, ૭, ૮)

(૨) શરીર ................ હોય છે. (૫, ૪, ૬)

(૩) પદાર્થ ................ હોય છે. (૩, ૯, ૫)

(૪) વર્ગણા ................ હોય છે. (૫, ૧, ૬)

(૫) દ્રવ્યો ................ હોય છે. (૯, ૬, ૨)

(૬) માર્ગણાસ્થાન ................ હોય છે. (૧૦, ૧૨, ૧૪)

(૭) અરિહંતને ............... ગુણ હોય છે. (૪૬, ૫૪, ૩૬)

(૮) ગુણસ્થાન ................ હોય છે. (૧૦, ૧૪, ૧૨)

(૯) આત્માના ................ ભેદ હોય છે. (૨, ૩, ૪)

(૧૦) જ્ઞાન ................ હોય છે. (૬, ૫, ૪)

(૧૧) સિદ્ધ ભગવાનને ................ ગુણ હોય છે. (૮, ૪, ૬)

(૧૨) ભાવનાઓ ................ હોય છે. (૧૨, ૧૪, ૧૦)

(૧૩) લેશ્યાઓ ................ હોય છે. (૭, ૫, ૬)

(૧૪) કષાય ................ હોય છે. (૪, ૮, ૯)

(૧૫) પરમાત્માના ભેદ ................ હોય છે. (૩, ૨, ૫)

(૧૬) આવશ્યક ................ હોય છે. (૭, ૫, ૬)

(૧૭) આચાર્યના ............... મૂળગુણ હોય છે. (૪૮, ૧૪, ૩૬)

(૧૮) ભરતક્ષેત્રના તીર્થંકર ................ હોય છે. (૨૪, ૩૬, ૧૨)

(૧૯) દાન ................ પ્રકારના હોય છે. (૭, ૫, ૪)

(૨૦) સાધુને ............... મૂળગુણ હોય છે. (૩૬, ૨૮, ૧૬)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન જૂન–૨૦૧૯ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | જ્ઞાન | (૮) | ચાર (૪) | (૧૫) | પરલોક |
| (૨) | સમ્યગ્દર્શન | (૯) | દુઃખી | (૧૬) | ઉપઘાત |
| (૩) | આસ્રવો | (૧૦) | જડ | (૧૭) | ત્રણ (૩) |
| (૪) | ચારિત્ર | (૧૧) | એક | (૧૮) | મિથ્યા |
| (૫) | જ્ઞાન | (૧૨) | મોક્ષ | (૧૯) | અતિવ્યાપ્તિ |
| (૬) | ઔદયિક | (૧૩) | સ્વભાવ | (૨૦) | પ્રાયોગ્ય |
| (૭) | અનુભાગ | (૧૪) | ભાવલિંગ | | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન – ૨૦૧૯ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | x | (૫) | ✓ | (૯) | x |
| (૨) | x | (૬) | ✓ | (૧૦) | ✓ |
| (૩) | x | (૭) | ✓ | | |
| (૪) | x | (૮) | x | | |

| | | |
|---|---|---|
| (૧૧) | શત્રુંજય તીર્થક્ષેત્ર ............................ | પાંચ પાંડવ મુનિ |
| (૧૨) | સમયસારનો ભાઈ .......................... | નિયમસાર |
| (૧૩) | મહાવીર ભગવાનનો મોક્ષ ................. | દીપાવલી પર્વ |
| (૧૪) | આત્માનો સ્વભાવ ......................... | જ્ઞાન |
| (૧૫) | સિંહના ભવમાં આત્મજ્ઞાન................. | મહાવીર ભગવાન |
| (૧૬) | મોક્ષનું મૂળ .................................. | સમ્યક્દર્શન |
| (૧૭) | ધર્મનો દરબાર................................ | સમવસરણ |
| (૧૮) | વગર શરીરની સુંદર વસ્તુ ................. | સિદ્ધ ભગવાન |
| (૧૯) | ગૌતમ સ્વામીનું નામ ....................... | ઈન્દ્રભૂતિ |
| (૨૦) | મોક્ષમાં જવાનું વિમાન ..................... | રત્નત્રય |

## (૭૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ તીર્થંકરોના નામ આગળ તેમના ચિહ્નની જોડી બનાવો

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી ઋષભદેવ ભગવાન | (૧) | ચકવો |
| (૨) | શ્રી અજિતનાથ ભગવાન | (૨) | કલ્પવૃક્ષ |
| (૩) | શ્રી સંભવનાથ ભગવાન | (૩) | ચંદ્ર |
| (૪) | શ્રી અભિનંદનનાથ ભગવાન | (૪) | ભેંસ |
| (૫) | શ્રી સુમતિનાથ ભગવાન | (૫) | મીન |
| (૬) | શ્રી પદ્મપ્રભ ભગવાન | (૬) | હાથી |
| (૭) | શ્રી સુપાર્શ્વનાથ ભગવાન | (૭) | કળશ |
| (૮) | શ્રી ચંદ્રપ્રભુ ભગવાન | (૮) | શંખ |
| (૯) | શ્રી પુષ્પદંત ભગવાન | (૯) | વજ્ર |
| (૧૦) | શ્રી શીતલનાથ ભગવાન | (૧૦) | વાંદરો |
| (૧૧) | શ્રી શ્રેયાંસનાથ ભગવાન | (૧૧) | ઘોડો |
| (૧૨) | શ્રી વાસુપૂજ્ય ભગવાન | (૧૨) | સ્વસ્તિક |
| (૧૩) | શ્રી વિમલનાથ ભગવાન | (૧૩) | શાહૂડી |
| (૧૪) | શ્રી અનંતનાથ ભગવાન | (૧૪) | સર્પ |
| (૧૫) | શ્રી ધર્મનાથ ભગવાન | (૧૫) | પદ્મ |
| (૧૬) | શ્રી શાંતિનાથ ભગવાન | (૧૬) | સિંહ |
| (૧૭) | શ્રી કુંથુનાથ ભગવાન | (૧૭) | બળદ |
| (૧૮) | શ્રી અરહનાથ ભગવાન | (૧૮) | બકરો |
| (૧૯) | શ્રી મલ્લિનાથ ભગવાન | (૧૯) | કમળ |
| (૨૦) | શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન | (૨૦) | મગર |
| (૨૧) | શ્રી નમિનાથ ભગવાન | (૨૧) | ગેંડો |
| (૨૨) | શ્રી નેમિનાથ ભગવાન | (૨૨) | હરણ |
| (૨૩) | શ્રી પાર્શ્વનાથ ભગવાન | (૨૩) | ભૂંડ |
| (૨૪) | શ્રી મહાવીર ભગવાન | (૨૪) | કાચબો |

**શ્રી આંતરરાષ્ટ્રીય યુવક મંડળ, દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૦૬મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દ્રઢ કરવા તેઓશ્રીની ૧૦૬મી જન્મજયંતી આ વર્ષે શ્રી આંતરરાષ્ટ્રીય યુવક મંડળ દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૦૬મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન શ્રાવણ સુદ ૧૩, તા. ૧૩-૮-૨૦૧૯, મંગળવારથી શ્રાવણ વદ-૨ તા. ૧૭-૮-૨૦૧૯, શનિવાર—પાંચ દિવસ સુધી શ્રી સમવસરણ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૧૩-૮-૨૦૧૯ થી ૨૨-૮-૨૦૧૯—દસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૪-૦૭-૨૦૧૯, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.)

નિમંત્રક :
શ્રી આંતરરાષ્ટ્રીય યુવક મંડળના
જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :–(ધ્રુવ) દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને ગૌણ કરાવવામાં કેમ આવે છે ?

ઉત્તર :–(ધ્રુવ) દ્રવ્યમાં પર્યાય નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય છે તે પર્યાય પર્યાયમાં છે. સર્વથા પર્યાય નથી જ તેમ નથી. પર્યાય છે તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને, નથી તેમ કહીને, પર્યાયનું લક્ષ છોડાવી દ્રવ્યનું લક્ષ ને દૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી દ્રવ્યને મુખ્ય કરી ભૂતાર્થ છે તેની દૃષ્ટિ કરાવવી છે ને પર્યાયની ઉપેક્ષા કરી, ગૌણ કરી પર્યાય નથી, અસત્યાર્થ છે તેમ કહી તેનું લક્ષ છોડાવ્યું છે. પણ પર્યાય સર્વથા જ ન હોય તો ગૌણ કરવાનું ક્યાં રહે છે ? દ્રવ્ય અને પર્યાય બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણજ્ઞાનનો વિષય છે. ૩૬૨.

● જિજ્ઞાસુ (જીવને) ભૂમિકા અનુસાર શુભાશુભ પરિણામ તો આવશે જ. રાગને છોડું, છોડું, એમ રાગ ઉપર દૃષ્ટિ રાખવાથી રાગ છૂટશે નહિ. માટે એકદમ (ખોટી) ઉતાવળ કરવી નહીં, ઉતાવળ કરતા રાગ છૂટશે નહીં ને ઉલટી મુંઝવણ વધી જશે. રાગ છોડું, છોડું, એમ નાસ્તિ પક્ષમાં ઊભા રહીને રાગ છૂટશે નહીં ને મુંઝવણ થશે અને સ્વભાવના અસ્તિ પક્ષનો પુરુષાર્થ ઉપાડતાં રાગ સહજ છૂટી જશે. ૩૬૫.

● આ કરું, આ કરું, આ કરું, પંડિતાઈ કરું, જગતને ઘણું ઘણું સમજાવું દુનિયાને લાભ થાય તો મને પણ કાંઈક લાભ થાય ને ?–એમ તૃષ્ણારૂપ દાહે તેને સપડાવી દીધો છે. ભાઈ! અંતરમાં જવું હોય તો બાહ્યની રુચિ છોડી દે ! બીજાને ઉપદેશ દઉં ને તેનાથી મને લાભ થાય–એ તૃષ્ણારૂપી દાહ છે, એ દાહથી એને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. ૩૬૬.

● અતીન્દ્રિય આનંદના વેદનમાં આનંદસ્વરૂપ પ્રભુને પરથી ભિન્ન, દયા-દાન આદિના ભાવથી ભિન્ન દેખવામાં આવે છે. શાસ્ત્રથી સાંભળીને કે ધારણાથી ભિન્ન જાણ્યો છે એમ નહીં. કેમકે એ તો રાગમિશ્રિતપણે જાણ્યું છે. પરંતુ રાગથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશ વડે આત્માને દેખવો તેને ભિન્ન જાણ્યો કહેવાય. ૩૬૭.

● આહાહા ! વીતરાગી સંતો વીતરાગભાવ પ્રગટ કરવાની જ વાત કરે છે. સંતો જે વાત કહે છે તે વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ કરાવવાની જ વાત કરે છે, કેમ કે વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ કરે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. તેથી કહે છે કે હું કહું છું તેની હા પાડજે. એમ ને એમ ઊભો ન રહીશ પણ પુરુષાર્થ ઉપાડજે. ૩૬૮.

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૯
અંક-૧૧ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-7-2019
Posted on 1-7-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org